કૃષિ વિચાર

વર્ષ : 1 | અંક નં : 1 | ઓગસ્ટ 2023

ગુજરાત સ્ટેટ કોઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેન્ક

ખેતીની આવક અનેકગણી વધારવા ખેડૂતો શું કરી શકે?



બેંકના કાર્યવાહક
મંડળના સદસ્યશ્રીઓ



શ્રી ડોલર કોટેચા
ચેરમેનશ્રી



શ્રી જેઠાભાઈ જી. ભરવાડ



શ્રી અનિરુદ્ધભાઈ બી. દવે



શ્રી બ્રિજરાજસિંહ એચ. જાડેજા



શ્રી જશાભાઈ બી. બારડ



શ્રી કલજીભાઈ ગેમરભાઈ પટેલ
વાઈસ ચેરમેનશ્રી



શ્રી વિરજીભાઈ કે. હુંમ્મર



શ્રી ગોવાભાઈ એચ. દેસાઈ



શ્રી મંગળસિંહ આર. પરમાર



શ્રી કાનભા એફ. ગોહિલ



શ્રી કિશોરસિંહજી કે. ગોહિલ



શ્રી જીવણભાઈ બી. આહીર



શ્રી હરદેવસિંહ ટી. જાડેજા



શ્રી નટવરસિંહ એસ. મહીડા



શ્રી ગણપતસિંહ બી. સોલંકી



શ્રી સુરેશભાઈ ડી. પટેલ



શ્રી રામજીભાઈ એચ. ચૌધરી



શ્રી જીગ્નેશકુમાર એન. ઠાકોર



શ્રી કમલ શાહ IAS રજીસ્ટારશ્રી
સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય



શ્રી બી. કે. સીંઘલ
ચીફ જનરલ મેનેજરશ્રી નાબાર્ડ



શ્રી કે. બી. ઉપાધ્યાય
IAS(Retd)મેનેજીંગ ડિરેક્ટરશ્રી



શ્રી વિ. એમ. ચૌધરી
જોઈન્ટ મેનેજીંગ ડીરેક્ટરશ્રી

ખેડૂતોએ આવક અનેકગણી કરવી છે ? આ રહ્યા વિકલ્પો



ગુજરાત સરકાર આયુર્વેદિક ઔષધીઓ માટેના કાચા માલની ખરીદી કરવા માટે અલગ એપીએમસી બનાવી આપે તો ઔષધીઓ ઉગાડ્યા પછી વેચવા ક્યાં જવું તેની તલાશમાં રઝળતા ખેડૂતોને બજાર મળી જશે



સરગવાની ખેતી પણ આવકમાં તગડો વધારો કરી શકે

સરગવાની પણ આયુર્વેદિક ઔષધી તરીકે ખાસ્સી ડિમાન્ડ છે. તેનો સિનિયર સિટીઝનના હાડકાં મજબૂત રાખવામાં ઉપયોગી છે. રેતાળ જમીનમાં સરગવાના છોડની ખેતી થઈ શકે છે. વડોદરા, પાદરાની આસપાસ તથા સુરેન્દ્રનગરથી માંડીને આખા સૌરાષ્ટ્રની રેતાળ જમીન સરગવાની ખેતી માટે અનુકૂળ છે. તેના પાન, મૂળ, ફૂલ અને ફળી તમામ ઉપયોગી છે.

કેન્દ્ર સરકારના અવિરત પ્રયત્નોના પગલે ખેડૂતોની આવક વધીને દોઢથી બે ગણી વધી છે. પરંતુ હજીય તેમાં ચાર ગણો વધારો કરવાનો અવકાશ રહેલો છે. દિશાંત આયુર્વેદિક સપ્લાયર્સના પ્રમોટર દક્ષેશ વીરવાડિયા કહે છે, “આયુર્વેદિક ઓષધીઓ બનાવવા માટે જરૂરી વનસ્પતિની ખેતી આવક વધારવા માટેનો સૌથી ઉત્તમ વિકલ્પ છે. આયુર્વેદિક દવાઓ બનાવવા માટેની ઔષધીઓની દેશ અને દુનિયામાં વધી રહેલી ડિમાન્ડને જોતાં આયુર્વેદિક વનસ્પતિઓની ખેતી કરનારાઓ પાંચ વર્ષ પછી અઢળક કમાણી કરી શકશે.”

હા, એલોપથીની દવાઓ અને તેની આડઅસરોથી લોકો પરેશાન છે. માંદગીથી બચવા દવા લો તો દવાની આડઅસર હેઠળ કીડની, લીવર કે પછી હાર્ટ પર અવળી અસર પડે છે. તેથી દવા લો તો પણ મરો અને દવા ન લો તો પણ મરો. તેથી જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દેશ અને દુનિયામાં આયુર્વેદની ઔષધોપચારનો તેની મહત્તાનો સતત પ્રચાર કરતાં જ રહે છે. દેશ અને દુનિયાના લોકો તેનાથી પ્રભાવિત થઈને તેના તરફ વળી પણ રહ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ ઈચ્છે છે કે જગતનો તાત ગણાતો ખેડૂત સમૃદ્ધ બને. તેની આવક બમણી થાય. જોકે આયુર્વેદિક ઓસડિયાઓની ખેતી કરવાથી ખેડૂતોની આવક બમણી નહિ, ચાર ગણી થઈ શકે છે. ખેતી બેન્કના ચેરમેન ડૉલર કોટેચા કહે છે, “પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ખેડૂતોની આવક વધે

અને ખેડૂતો સમૃદ્ધ બને તેવા પ્રયાસ કરે છે. ખેતી બેન્ક પ્રધાનમંત્રીના આ યજ્ઞમાં પોતાનાથી બનતી આહુતિ આપી ખેડૂતોને ઉપર લાવવા યથાશક્તિ ફાળો આપશે.” કૃષિઉપજ વધુ મેળવવા માટે રાસાયણિક જંતુનાશક દવાઓનો ઉપયોગ કરી કરીને કેન્સર સહિતની અનેકવિધ બીમારીઓને નોતરું આપી ચૂકેલા ખેડૂતને પણ હવે પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવા માંડ્યું છે. તેથી ધીમી પણ મક્કમ ગતિએ ખેડૂત પ્રાકૃતિક ખેતી તરફ વળી રહ્યો છે. તેની ઉપજના વધુ સારા દામ મેળવતો થયો છે.



દિશાંત ફાર્માના આયુર્વેદિક ઓસડિયાના સપ્લાયર દક્ષેશ વીરવાડિયા કહે છે, “આયુર્વેદિક ઓસડિયાની ખેતીમાં છ, બાર માસ અને છત્રીસ માસની સાઈકલ બેસાડીને કામ લેવાથી ફાયદો થાય છે. તેની સાથે નોર્મલ ટામેટાં, રીંગણ, મરચી, ભીંડા, ડાંગર, જુવાર, બાજરી, મગફળી, એરંડાની ખેતી ચાલુ રાખીને ખેડૂત આયુર્વેદિક ઓસિડિયાની ખેતી ચાલુ કરી શકે છે.” જામનગર આયુર્વેદિક યુનિવર્સિટીના ડૉ. જોબન મોઢા કહે છે, “ટૂંકા ગાળામાં જ આવક કરવી હોય તો ખેડૂતો તુલસી, અશ્વગંધા, મૂસળીની ખેતી કરી શકે છે. તેનો પાક લેવાથી ચારેક મહિનામાં તેમને તરત જ આવક થવા માંડશે. જોકે આવકનો આધાર ડિમાન્ડ સપ્લાય પર જ રહેલો છે.” છતાંય તુલસી, અશ્વગંધા, મૂસળી, અરડૂસી, હરડે, બહેડા, આમળા તથા દસમૂલની વનસ્પતિઓ એટલે કે પ્રશ્નપર્ણી, શાલપર્ણી, ગોખરું, ઊભી રિંગણી, બેઠી રિંગણી, પાડરછાલ, ગંભારી છાલ, શ્યોનક છાલ, અરણી છાલ, બેલ છાલ અને ગળોની કાયમ ડિમાન્ડ જોવા મળે છે. સૂંઠ અને હળદર તથા પીપરીમૂળના ગાંઠોડાની ડિમાન્ડ કાયમ જ રહે છે. અશ્વગંધા અને તુલસીને ઈમ્યુનિટી બુસ્ટર ગણાય છે. તેથી તેની ખેતી પણ લાભદાયી જ છે.

ગુજરાતના અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મહાદેવપુરા-કમ્પા ગામના ખેડૂત ગંગારામ પટેલે ચારેક વર્ષથી તુલસીની ખેતી કરે છે. તુલસીનો આયુર્વેદમાં ખાસ્સો ઉપયોગ થાય છે. તેઓ ઘઉ અને જવના જવારાની પણ ખેતી કરી રહ્યા છે. જવારા કેન્સરમાં અસરકારક સાબિત થઈ રહ્યા છે. ગંગારામ પટેલનું કહેવું છે,

આયુર્વેદ ઓસડિયાની ખરીદી માટે ખાસ એપીએમસી બનાવો

ગુજરાત આયુર્વેદિક ઔષધી મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન-ગામાએ ગુજરાતમાં આયુર્વેદિક જડીબુટ્ટીઓ કે ઓસડિયાની ખેતી કરનારાઓને તેમની ઉપજ વેચવાનું યોગ્ય સ્થળ મળે તે માટે સરકાર ખાસ કૃષિ ઉત્પન્ન બજાર સમિતિ-એપીએમસીની અમદાવાદમાં કે પછી ગુજરાતના વિસ્તારોમાં સ્થાપવાનું પગલું લઈને પ્રોત્સાહન આપી શકે છે. અમદાવાદ, રાજકોટ, સુરત કે વડોદરા જેવા વિસ્તારોમાં આયુર્વેદિક ફાર્માસ્યુટિકલ્સના ઉત્પાદન એકમો હોવાથી આ ચાર શહેરમાંથી એક શહેરમાં એપીએમસી બનાવી શકાય છે. તેમ શક્ય ન હોય તો તેવા સંજોગોમાં દરેક મોટી અને મહત્વની એપીએમસીમાં આયુર્વેદિક ઓસડિયાઓ ખરીદવા માટેના ખાસ વિભાગો પણ ચાલુ કરી શકે છે. તેમ કરવાથી દરેક વિસ્તારના ખેડૂતોને તેમની ઉપજ વેચવા જવાનું બજાર મળી રહેશે. અત્યારે આયુર્વેદિક ઓસડિયાઓની ખેતી કરનારા ખેડૂતોને તેમની ઉપજ કોને વેચવી તેની પૂરતી ખબર જ હોતી નથી. પરિણામે તેની ખેતી કરવા આગળ આવનારા ખેડૂતોની સંખ્યા સીમિત થઈ જાય છે. ગુજરાતમાં મેડિસિનલ પ્લાન્ટની ઉપજો ખરીદવા માટે સરકારે સાતથી આઠ જગ્યાઓ નિશ્ચિત કરી આપેલી છે. સરકારે તો આયુર્વેદિક ઓસડિયાઓની ખરીદીના ભાવ પણ નિશ્ચિત કરી આપેલા છે. તેમ છતાં ખાનગી એપીએમસીમાં ખેડૂતોને આયુર્વેદિક ઓસડિયાઓ વેચવા માટેનો અલગ વિભાગ કરી આપવામાં આવશે તો શક્ય છે કે તેમને વધુ સારા ભાવ મળી જાય. જંગલમાં જઈને જડી બટ્ટીઓ વીણી લાવનારાઓ માટે આ વ્યવસ્થા કરવામાં આવેલી છે. ગાંધીનગર, દાંતા-પાલનપુર, વાંસદા-નવસારી, આહવા-ડાંગ, ભુજ-કચ્છ, નાંદોદ-નર્મદા, ઝાલોદ-દાહોદ સરકારી ઔષધીય વનસ્પતિ ઉદ્યોગના કેન્દ્રમાં વેચી આવવાની વ્યવસ્થા કરવામાં આવેલી જ છે. સરકારી ઔષધ કેન્દ્રમાં ખરીદવા ઉપરાંત ખાનગી ખરીદી કેન્દ્રો ઊભા કરવામાં આવે તો વધુ સારા ભાવ મળવાની ખેડૂતોને આશા છે.



“તુલસીની ખેતી કરનારા ખેડૂતોએ સૌ પ્રથમ તો 35 ડિગ્રીની આસપાસ તાપમાન હોય ત્યારે જ તેના બીજનું વાવેતર કરવું જોઈએ. તાપમાન તેનાથી વધારે ન હોય તેની કાળજી રાખવી જોઈએ. તેનાથી વધુ તાપમાન હોય તો જર્મિનેશન-બીજ અંકુરિત થતું નથી. બીજ અંકુરિત થયા બાદ 45 દિવસે તેની ફેર રોપણી કરવાની હોય છે. આ ફેર રોપણી કરવા માટે હેક્ટરે અંદાજે રૂ. 5000નો મજૂરી ખર્ચ આવે છે. તેમ જ બે ત્રણ વાર નિંદામણ દૂર કરવાની મજૂરીનો થોડો ખર્ચ કરવો પડે છે. એક હેક્ટરમાં તુલસીની ખેતી કરવા માટે માત્ર 500 ગ્રામ બિયારણની જરૂર પડે છે. આ બિયારણનો રૂ. 500નો ખર્ચ આવે છે. આ સિવાય ખાતર કે જંતુનાશકોની કોઈ જ જરૂર પડતી નથી. તુલસીના છોડ ખુદ ઔષધિય

ગુણ ધરાવતો હોવાથી તેને કોઈ રોગ લાગતો હોવાનું બહુધા જોવા મળતું નથી.”

ગંગારામ પટેલનું કહેવું છે, “તુલસીની રોપણી કર્યાના 60 દિવસે પહેલું કટિંગ આવે છે. ત્યારબાદ બીજા 60 દિવસ બાદ અને ત્રીજા 60 દિવસ બાદ તેનું કટિંગ કરી શકાય છે. આમ ત્રણેય કટિંગ વખતે અનુક્રમે 2000 કિલો, 1800 કિલો અને 1500થી 1600 કિલો તુલસી પાન મળે છે. એક કિલો પાનના રૂ. 40થી 50 મળે છે. ડિમાન્ડ સપ્લાય પર તેના ભાવનો મદાર રહેલો છે. ત્રીજા કટિંગ વખતે તેની સાથે અંદાજે 500 કિલો બિયારણ પણ મળે છે. આ બિયારણ છૂટકમાં કે અન્ય ખેડૂતને વાવણી માટે સીધું વેચવામાં આવે તો કિલોના રૂ. 750ની આસપાસનો ભાવ મળી રહે છે. મધ્ય પ્રદેશના નિમચના આયુર્વેદિક ઓસડિયાના હોલસેલ માર્કેટમાં બિયારણના કિલોદીઠ રૂ. 250 મળે છે. બિયારણનો દવા બનાવવા માટે પણ ઉપયોગ કરવામાં આવે છે. તુલસીના લીલા પાનનો અર્ક કાઢીને પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. તુલસીના પાન સૂકવીને આપવાના હોય છે. તેનો કિલોદીઠ ભાવ રૂ.250થી 300ની આસપાસનો મળે છે.

છ, બાર અને છત્રીસના અખતરાથી આયુર્વેદિક ઓસડિયાની ખેતી કરતાં આવક વહેલી ચાલુ થશે

સામાન્ય માન્યતા એવી છે કે આયુર્વેદિક ઔષધીઓ માટે જોઈતા કાચા માલની એટલે કે ખેત ઉપજની ખેતી ચાલુ કરે તો ત્રણથી ચાર વર્ષ સુધી કોઈ જ આવક થતી નથી. પરંતુ આ માન્યતા ખોટી છે. ખેડૂતો પાસે આ અંગેની માહિતીનો અભાવ હોવાથી તેઓ આયુર્વેદિક ઓસડિયા બનાવવા માટે જોઈતા કાચા માલની ખેતી તરફ સહજ વળતા નથી. પરંતુ વહેલી આવક ચાલુ કરવા અને ધીમી પણ સ્થિર ગતિએ સંપૂર્ણ જમીનમાં આયુર્વેદિક ઓસડિયાઓની ખેતી કરી શકાય છે. તેનો સહજ વિકલ્પ આપતા દિશાંત આયુર્વેદિક સપ્લાયરના દક્ષેશ વીરવાડિયા કહે છે, “ખેડૂતો તેમની નોર્મલ ખેતી ચાલુ રાખીને પહેલાની માફક શેઢાં પર વાડ





તુલસી અને અરડૂસીનો વરસમાં ત્રણ વાર પાક લઈ શકાય છે. જેમ જેમ કાપતા જાય તેમ તેમ વધુ પાન આપ્યા જ કરે છે. ચાર વરસ સુધી તેના છોડવાઓ તમને ઉપજ આપ્યા જ કરે છે.

બનાવીને આયુર્વેદિક ઓસડિયાની ખેતીનો આરંભ કરી શકે છે. અત્યારે તારની વાડ બનાવવામાં આવે છે તેને બદલે જૂના સમયની જેમ કાંટાળી વાડ બનાવીને આયુર્વેદિક ઓસડિયાનો પાક લઈ શકે. વેલાના ઓસડિયાનો પાક લઈ શકાય છે. ખેતર ફરતે વાડ બનાવીને તેના પર કાચકા, કાળીજીરી, તુલસી, અરણી, અતિબલા, અરડૂસી અને કૌચાના વેલા લગાવી શકે છે. છ મહિનામાં તે વળતર આપવા માંડે છે.” વાડને અડીને જાસૂદ ફૂલની ખેતી પણ કરી શકે છે. જાસૂદના ફૂલ માથાના વાળને સારા કરવા માટે અને મહિલાઓમાં જોવા મળતાં હોર્મોનલ ઈમ્બેલેન્સને દૂર કરવા માટેની દવા અને તેલમાં વપરાય છે. આ માટે લાલ દેશી જાસૂદની ખેતી કરી શકાય છે. આ જાસૂદના અર્કમાંથી બનતું તેલ કંપનીઓ 100 મિલિલિટરના રૂ. 700થી પણ ઊંચા ભાવે વેચી રહી છે.



તારની વાડ કરવા માટે ખેડૂતોને સરકાર તરફથી સબસિડી પણ આપવામાં આવે છે. સબસિડીનો લાભ લેવામાં વાડ પર વેલાની વનસ્પતિઓ ઉગાડવાનું ખેડૂતો ભૂલી ગયા છે.ત્યારબાદ બાર ફૂટની હાઈટ સુધી વિકસી શકતી વનસ્પતિ રોપી શકાય છે. નગોળ-નિરગુંડ, ઈન્દ્રજવ, અરડૂસીની રોપણી કરી શકાય છે. આ જ રીતે આંબા અને ચીકુની વાડી હોય કે આમળાના વૃક્ષો રોપ્યા હોય તો તેની વચ્ચે તમે તુલસીની હારબંધ રોપણી કરી શકો છો. અરડૂસી, ગોખરું, મૂસળીનો પાક વચ્ચેની જગ્યામાં લઈ શકે છે. તેમાં કાળીજીરી, નગોળ-નિરગુંડી, ઈન્દ્રજવની વગેરેની રોપણી કરી શકે છે. તેની સાથે તેના પર કૌચા, ચણોઠી, હાડસાકર(હાડકાં જોડવા માટેની વનસ્પતિ)ની વેલ વાવીને વેલને વૃક્ષ ઉપર વધવાનો અવકાશ કરી આપી શકે છે. તુલસી અરડૂસી વરસમાં ત્રણવાર પાક લઈ શકાય છે. તુલસીનો પાક સળંગ ચાર વર્ષ સુધી લઈ શકાય છે. કાળીજીરી વાવાથી ઘણો ફાયદો થાય છે. તેના ફળ તો કામ આવે જ છે. કાળીજીરીમાં થતા ખડનો ભૂકો કરીને ખેતરના શેઢે પાથરી દેવામાં આવે તો જીવાત કે ઉદર પણ ત્યાં જતાં નથી. પરિણામે ખેતરમાં જંતુનાશક દવાની જરૂર પણ પડતી નથી. ખેતરમાં એક કોરાણે લીમડો કરે તો લીમડાંના પાન, લીંબોડી, તેના પર થતી ગળો ત્રણ વસ્તુઓ સાથે મળે છે. લીમડાંની છાલ પણ ઉપયોગી છે. બિલીના પાન, ફળ અને બિલીની છાલ ત્રણેય આયુર્વેદમાં ઉપયોગી છે. ગરમાળો પણ ઘણી દવાઓમાં ઉપયોગી છે. ગરમાળો પણ ખેતરમાં રોપી શકાય છે. ગરમાળાની સિંગ ઉપયોગી છે. ઈન્દ્રજવની ફળી કાયમી ઉપયોગી વસ્તુ છે. અર્જુન વૃક્ષ રોપી શકાય છે. બહેડા, હરડે અને આમળાના વૃક્ષ કરી શકે છે.

ખેતરના શેઢાથી કે વાડને અડીને ખેડૂત ઝાડ વાવી શકે છે. તેમાં લીમડો, બિલી, અરડૂસો, ગરમાળાના ઝાડ રોપી શકે છે. લીમડાના ઝાડ પર ગળોની વેલ પણ ચઢાવી શકે છે. વેલા અને



બ્રાહ્મીની ખેતી કરી આવક વધારી શકાય

ગુજરાતમાં આણંદ જિલ્લામાં પંડોરી ગામમાં બ્રાહ્મીની ખેતી કરતાં નિલ શાહ કહે છે, “ઔષધીય પાકમાં ખાસ કરીને પામારોઝા લેમન ગ્રાસ, લેમનગ્રાસ ઓઈલ તુલસી, બ્રાહ્મી, અશ્વગંધા, કાલમેઘ, કરિયાતુંની ખેતી કરી શકાય છે. તેનું માર્કેટ ફિક્સ હોય છે. આ ક્રોપમાં જાનવરથી નુકસાન થવાની શક્યતા ઓછી છે. જીવાત પડવાની સમસ્યા નથી. ઔષધીય ક્રોપમાં બગાડ ઓછામાં ઓછો થાય છે.” બ્રાહ્મીની ખેતી કરવા માટે પાણીની ખાસ્સી જરૂર પડે છે. બ્રાહ્મી બે પ્રકારની હોય છે. બ્રાહ્મી બાકોપા મોન્નિરી અને બ્રાહ્મી સેન્ટેલા એસિયાટિકા. એકને વધુ અને બીજાને ઓછું પાણી જોઈએ છે. માર્કેટમાં તેની ખાસ્સી ડિમાન્ડ રહે છે. તેનો ઓર્ગેનિક ક્રોપ લેવો જરૂરી છે. જંગલમાં થતી બ્રાહ્મીનું પણ કલેક્શન થાય છે. તેનો રેટ ઘણો જ નીચો છે. નવા એરિયામાં બ્રાહ્મીની ખેતી કરવામાં આવે તો તેની ક્વોલિટીનું ધ્યાન રાખવું જરૂરી છે. બ્રાહ્મીની જૂન માસમાં રોપણી કર્યા પછી ઓક્ટોબર નવેમ્બરમાં તેનો ફાલ લઈ શકાય છે. આણંદમાં નર્સરી પણ ચલાવતા નિલ શાહ કહે છે, “એક એકરમાં ઓછા પાણીવાળી બ્રાહ્મી કરવી હોય તો એક એકરમાં તેની 2000 કિલોની ઉપજ થઈ શકે છે. તેના પ્લાન્ટેશન માટે મજૂરી ખર્ચ સહિત રૂ. 15000નો ખર્ચ કરવો પડે છે. તેનો કિલોદીઠ અંદાજે રૂ. 50થી 70નો ભાવ ક્વોલિટી દીઠ મળે છે. માર્કેટ ફ્લક્યૂયુએશન ઘણુ જ જોવા મળે છે. ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં તેની ખેતી થાય છે.” જોકે આયુર્વેદિક ફાર્મસી ચલાવતા દક્ષેશ વીરવાડિયા કહે છે, “વાળનું તેલ બનાવવા માટે બ્રાહ્મીને ખાસ્સી ડિમાન્ડ રહે છે. તેથી તેનું બજાર સરળતાથી મળી રહે છે.” નિલ શાહ બ્રાહ્મીની ખેતી કરાવડાવે છે. તેમાં માર્કેટની ડિમાન્ડ પ્રમાણે ખેતી કોન્ટ્રાક્ટ ફાર્મિંગની પદ્ધતિથી કરાવડાવે છે. બજારની સ્થિતિને ધ્યાનમાં રાખીને તેનો પાક લેવા સમજાવે છે.

ખેતરમાં મરચી, રિંગણ, ટામેટી, ડાંગર, ઘઉ, જુવાર કે બાજરાની ખેતી ચાલુ રાખીને વાડ બાંધી તેના પર આયુર્વેદિક ઓસડિયાના વેલાનો પાક લેવાથી આરંભ કરી શકે

01

વાડમાં કાચકાં, અગ્નિમંથ અને અતિબલા જેવા ઓસડિયાઓની ખેતી કરી શકાય છે.

02

વાડમાં કૌંચા, અરણી, કાસકી-બાલા, જીવંતી, કટુપટોલ, ગુલવેલ-ગિલોય, હાડસાકલ-હાડજોડની ખેતી થઈ શકે છે.

03

વાડથી પાંચ ફૂટના અંતરે જાસૂદ, નિરગુંડી, પપૈયાના પાન, ઇન્દ્રજવ, પારિજાતના પાન અને ફૂલની તથા મીઠાં લીમડાંની ખેતી કરી શકાય છે.

04

ગુડમાર, ઘઉંના જવારા, ગુલાબ, કાલમેઘ, રાશના પાન, ગોખરું નાના અને મોટા, સુગંધી વાળોની પણ ખેતી કરી શકાયછે.

05

અશ્વગંધા અને કાળી જીરીનો પાક છ મહિનામાં લઈ શકાય છે. આમળાના વૃક્ષ પર ચણોઠીની વેલ પણ કરી શકાય છે.

અશ્વગંધાની ખેતીથી પણ સારી આવક મેળવી શકાય

અશ્વગંધાની ખેતી કરવા માટે બેસ્ટ ફાર્મર એવોર્ડ મેળવનાર અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મહાદેવપુરા-કમ્પા ગામના ખેડૂત ગંગારામ પટેલ કહે છે, "ચોમાસામાં જુલાઈ ઓગસ્ટમાં તેની રોપણી કરવાની હોય છે. શિયાળામાં ઓક્ટોબરમાં તેની રોપણી કરી શકાય છે. 120 દિવસમાં તેનું કટિંગ કરી શકાય છે. તેનું બિયારણ કિલાના રૂ.300ના ભાવે મળે છે. એક હેક્ટરમાં 10 કિલો બિયારણની જરૂરી પડે છે. ખેતર ખેડીને બિયારણ રોપી દેવાનું હોય છે. ત્યારબાદ સ્પ્રિન્કલર લગાવી દેવાનું હોય છે. બિયારણ નાખ્યા પછી પાણી આપી દેવાનું હોય છે. ત્યારબાદ 5-6 દિવસે તેને ફરિ પાણી આપવાનું હોય છે. 12માં દિવસે ત્રીજીવાર પાણી આપવાનું આવે છે. ત્યારબાદ 20-20 દિવસના ગાળે તેને પાણી આપવાનું હોય છે. 85 દિવસ પછી તેને પાણી આપવાનું બંધ કરી દેવાનું હોય છે. જમીનના પ્રકાર પ્રમાણે પાણી આપવાનું હોય છે. 120 દિવસે હાર્વેસ્ટિંગ ચાલુ કરી શકાય છે. એક એકરમાં 750 કિલોની આસપાસનો ઉતારો મળે છે. અત્યારે તેનો કિલોદીઠ ભાવ રૂ. 250થી 350 સુધીનો ભાવ મળે છે. તેમાં લેબર કોસ્ટ થોડી વધારે છે. ડાળ અને પાન અને પ્રકાંડને અલગ કરવા પડે છે. હેક્ટરે 40,000થી 50,000 લેબર કોસ્ટ આવે છે. સરેરાશ રૂ. 300 કિલોના ભાવે તે વેચાણ તેવી ગણતરી માંડીએ તો રૂ. 55000ના ખર્ચ સામે રૂ.



2.50 લાખની આવક થાય છે. તદુપરાંત તેના બીજના ઉતારા ખાસ્સા આવે છે. બિયારણનો વાવણી માટે પણ ઉપયોગ થાય છે. બિયારણનો કિલોદીઠ રૂ. 200નો ભાવ મળી રહે છે. એક હેક્ટરમાં 200થી 250 કિલો બિયારણ પણ મળી રહે છે. તેના પ્રકાંડની પણ આવક થાય છે. કેટલફીડવાળા તેનો ડાળ અને પાંદડાંનો ભાગ રૂ.10ના કિલોના ભાવે લઈ જાય છે. અશ્વગંધાનો ઉપયોગ અનિદ્રા દૂર કરવા માટે, માનસિક રોગના નિવારણ માટે, બોડી બિલ્ડિંગ, નપુસંકતા નિવારણ માટે થાય છે."

06 આમળાના આડની વચ્ચે તુલસી અને વાશાની ખેતી કરી શકાય છે. આમળાના વૃક્ષની એક બે ફૂટના અંતરે શતાવરી અને મૂસળીની પણ ખેતી કરી શકાય છે.

07 વૃક્ષની વચ્ચે તુલસી, અરડૂસીની ખેતી પણ કરી શકાય છે. નાગોડના આડ પર કૌંચાની વેલ પણ કરી શકાય છે.

08 વાડથી પાંચ ફૂટનું અંતર છોડીને 12 ફૂટ જેટલા ઊંચા થતાં આડ નગોળ, ઇન્દ્રજવ કરી શકાય છે.

09 વાડને અડીને એક બે ફૂટના અંતરે જાસૂદની હારમાળા કરી શકે છે.

10 લીમડો, અરડૂસો, સરગવો, બોરસલ્લી, ગરમાળો, બિલી, આમળા, જામ્બુના મોટા આડ રોપી શકાય છે.

વાડની બાજુમાં જ જાસૂદ ને નગોળની ખેતી કરીને વધારાની આવક ખેડૂતો કરી શકે છે, વાળને લગતા ઔષધીય પ્રોડક્ટ્સ બનાવનારાઓમાં જાસૂદની બજારમાં ડિમાન્ડ ખાસ્સી વધારે છે

વૃક્ષમાં ન આવતી નગોળ, ઈન્દ્રજવ, ચણોઠી, કૌંચા, કાળીજીરી જેવી વનસ્પતિ રોપીને ખેતી ચાલું કરી શકે છે. અરડૂસાનું ઝાડ પણ રોપી શકે છે. વાડ સિવાયના એરિયામાં ખેડૂત તેના ટામેટાં, રિંગણી કે ડાંગરની ખેતી કરી શકે છે. હા, તેણે વાડની જગ્યા ઉપરાંત ત્રણથી પાંચ ફૂટની જગ્યા છોડી દેવાની રહે છે.” આ ત્રણથી છ ફૂટની ચોમેરે છોડેલી જગ્યામાં લીમડો, બિલી, અરડૂસો, ગરમાળો રોપીને આરંભ કરી શકે છે. વાડ પછી બોર્ડરના એરિયામાં તેનું રોપી શકે છે. વાડની બાજુમાં જ તેની રોપણી કરી શકે છે. હા, તેનાથી આસપાસના ખેતરો પર પડતો સંપૂર્ણ તડકો રોકાઈ ન જવો જોઈએ તેનું ધ્યાન રાખવું જોઈએ. તડકાની દિશા જોઈને વાવણી કરવામાં આવે તો આસપાસના લોકો સાથે મતમતાંતર થવાની સંભાવના ઓછી થઈ જાય છે.

સરકારી ઔષધ કેન્દ્રમાં ઓસડિયાના મળતા ભાવ

ઔષધિ	સૂકી	લીલી
ગળો	કિલોદીઠ રૂ. 26	લીલા ગળો રૂ.08
અરડૂસી	કિલોદીઠ રૂ. 25	લીલી રૂ. 09
લીંડીપીપર-ફળ	કિલોદીઠ રૂ. 450	લીલા ફળ રૂ. 135
સોનામુખી-પાન	કિલોદીઠ રૂ. 45	લીલા રૂ.18
સતાવરી-મૂળ	કિલોદીઠ રૂ. 150	લીલા રૂ. 75
અશ્વગંધા	કિલોદીઠ રૂ. 210	લીલા રૂ. 126
કાલમેઘ-કરિયાતું	કિલોદીઠ રૂ. 34	લીલું રૂ. 17
શાલપર્ણી-પંચાગ	કિલોદીઠ રૂ. 34	લીલા રૂ. 17
પુષ્પપર્ણી	કિલોદીઠ રૂ. 34	લીલા રૂ.20
પુનર્નવા મૂળ	કિલોદીઠ રૂ.101	લીલા રૂ.51
ચિત્રક	કિલોદીઠ રૂ. 45	લીલા રૂ. 23
બ્રાહ્મી	કિલોદીઠ રૂ. 45	લીલા રૂ. 11
શંખપુષ્પી	કિલોદીઠ રૂ. 45	લીલા રૂ. 23
ગોખરું-નાના-પંચાગ	કિલોદીઠ રૂ. 19	લીલા રૂ. 8
ગોખરું-નાના-ફળ	કિલોદીઠ રૂ. 94	લીલા રૂ. 38
બેઠી ભોંયરીંગણી	કિલોદીઠ રૂ. 23	લીલી રૂ. 11
ઊભી ભોંયરીંગણી	કિલોદીઠ રૂ. 38	લીલા રૂ. 18

ગુજરાતમાં આયુર્વેદની 45થી વધુ વનસ્પતિઓની ખેતી થઈ શકે છે. હા, ખેતર સાથે તેના ઉત્પાદનોનો સંચય કરવા માટે ગોદામની સુવિધા પણ હોવી એટલી જ જરૂરી છે. ગોદામમાં માલ સંગ્રહ કરવામાં આવે તો આયુર્વેદિક ફાર્મસીને ગમે ત્યારે સપ્લાય જોઈએ તો આપી શકાય છે. ફાર્મસીને અરડૂસીના પાન જોઈએ છે. ચોમાસામાં તે અરડૂસીના પાન સૂકવેલા આપી શકે જ નહિ. ખેડૂત પાસે તો પાક લેવાય ત્યારે એટલે કે નવેમ્બર મહિનામાં તેના પાન મળતાં થાય છે. હવે ફાર્મસીને તે જુલાઈ કે જૂનમાં જોઈતા હોય તો તે ખેડૂત આપી શકે તેવી સ્થિતિ નિર્માણ કરવા ખેડૂત પાસે તેનો સંગ્રહ કરવા માટેના ગોદામ હોવા પણ એટલા જ જરૂરી છે. પાંચ વિઘા જમીન ધરાવનાર ખેડૂત સંતોષજનક કામ કરી શકશે. તે ગોદામમાં માલ સંગ્રહી રાખીને ફાર્મસીની જરૂર ઊભી થાય ત્યારે સપ્લાય આપી જ શકશે. ■

માઇક્રોન્યુટ્રીઅન્ટ્સની અછતવાળો આહાર માનવ-પશુઓના શારીરિક વિકાસ અને તેની પ્રજનન શક્તિ પર વિપરીત અસર કરે છે.

રાસાયણિક ખાતરના અતિરેકને કારણે જમીનની ફળદ્રુપતા જાળવવામાં મદદ કરતાં અળસિયા સહિતના અનેક પ્રકારના બેક્ટેરિયા ખતમ થઈ ગયા છે



જમીનના માઈક્રોન્યુટ્રીઅન્ટ્સ

પાછા લાવવા શું કરી શકાય?


આહારની સલામતી ન ધરાવતા દેશને અન્ય કોઈપણ ગમે ત્યારે બાનમાં લઈ શકે છે. તેથી જ આહારની જરૂરિયાતમાં આત્મનિર્ભર બનવું અનિવાર્ય છે. ખાદ્યાન્નની બાબતમાં અન્ય દેશ પર વરસો સુધી નભતા આવેલા ભારતે હવે આત્મનિર્ભર બનીને કાઠું કાઢ્યું છે. આજે ભારત દુનિયાના દેશોને અનાજ અને કૃષિ ઉપજો પૂરી પાડવાને સક્ષમ બની ચૂક્યું છે. બીજી તરફ ગુજરાતે કૃષિ ઉપજમાં સતત 10થી 10.5 ટકાનો વિકાસદર બતાવીને પ્રશસ્તીને પાત્ર સફળતા મેળવી છે. ગુજકો માસોલના હાલના ચેરમેન દિલીપ સાંઘાણીના ગુજરાતના કૃષિ મંત્રી તરીકેના કાર્યકાળમાં પણ રાજ્યએ આવી જ સફળતા મેળવી હતી.

છતાં ગુજરાતની ખેતીની જમીનમાં માઈક્રોન્યુટ્રીઅન્ટ્સ ઘટી રહ્યા છે. જોકે માત્ર ગુજરાતની આ સમસ્યા નથી, સમગ્ર ભારત આ સમસ્યાનો સામનો કરી રહ્યું છે. આ એક મોટી



એચ. એલ. ભાકરવાડિયા
જુનાગઢ કૃષિ યુનિવર્સિટી

ચિંતાનો વિષય છે. ગુજરાતમાં લેવામાં આવતા ઘઉં, ડાંગર, બાજરીના પાકની ઉપજમાં ઝિન્ક, બોરોન, અમુક અંશે આયર્ન, મેન્ગેનીઝ, કોપર અને મોલીબ્ડેનમ જેવા પોષક ઘટકોની કમી હોવાનું જોવા મળે છે. દરેક માઈક્રોન્યુટ્રીઅન્ટ્સ વનસ્પતિના વિકાસમાં ફાળો આપે છે. ઉદાહરણ આપીને વાત કરીએ. આયર્ન પણ પાક કે વનસ્પતિ માટે એક મહત્વનું ઘટક છે. તેનાથી વનસ્પતિના વિકાસને વેગ મળે છે. કોપર પણ એક આવશ્યક માઈક્રો ન્યુટ્રીઅન્ટ્સ છે. પ્લાન્ટ્સમાંના એન્ઝાઈમ્સનો જ તે એક હિસ્સો છે. એન્ઝાઈમ્સ પ્લાન્ટ્સ પર ફળ લાવવાની પ્રક્રિયામાં મદદ કરે છે. ઝિન્ક છોડવાના થડ, ડાળી ને પાંદડાંના વિકસવાની કામગીરીને વેગ આપવાનું કામ કરે છે. બોરોન છોડના કોશ મંડળની દિવાલ રચવાની કામગીરીમાં મદદરૂપ થાય છે. મોલીબ્ડેનમ નામનું ઘટક હવામાંના નાઈટ્રોજનનું માટીમાં ભળી જાય તેવા



નાઈટ્રોજનમાં રૂપાંતરીત કરવામાં મદદ કરે છે.

પરંતુ, રાસાયણિક ખાતરનો વધુ પડતો ઉપયોગ માઈક્રોન્યુટ્રીઅન્ટ્સના ઘટી જવા માટે જવાબદાર છે. ખેડૂતોની સમસ્યાના જાણકાર વિસનગરના કનૈયાલાલ પટેલ કહે છે, "રાસાયણિક ખાતરનો સમ્યક-સમતોલ ઉપયોગ કરવાને બદલે વધુ પાક મેળવવાની લાયમાં ખેડૂતોએ વધુ પ્રમાણમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ કરવા માંડ્યો હોવાથી માઈક્રોન્યુટ્રીઅન્ટ્સ ઘટી રહ્યા છે. જમીનની ફળદ્રુપતા અને જમીનમાંના પોષક તત્વો તેમાંથી લુપ્ત થઈ રહ્યા છે. બાજુના ખેતરમાં ખેતી કરનારા ખેડૂતે બે થેલી યુરિયા નાખ્યું છે, આપણે ત્રણ થેલી યુરિયા નાખી દઈએ. ખેડૂતોની આ માનસિકતાએ જમીનની ફળદ્રુપતાને ખતમ કરવા માંડી છે. ખેડૂતોએ આ માનસિકતામાંથી બહાર આવવું જરૂરી છે."

આણંદ કૃષિ યુનિવર્સિટીના એક નિષ્ણાત કહે છે કે, "હું તેનો એક્સપર્ટ નથી. છતાંય એટલું ચોક્કસ કહીશ કે ખેડૂતો ઓર્ગેનિક મેટરનો ઉપયોગ કરતાં જ નથી. પાક લઈને નવો પાક લેતા પૂર્વે અઢી એકર જમીનમાં 10 ટન છાણિયું ખાતર નાખવાનું હોય છે. પરંતુ આ પ્રથાને આજનો ખેડૂત વિસરી ચૂક્યો છે. તેથી જમીનમાંથી માઈક્રોન્યુટ્રીઅન્ટ્સ ઘટી રહ્યા છે. તેનો વિકલ્પ તમે જે પાક લેતા હોવ તેને માટે જોઈતા પોષક ઘટકો કે ન્યુટ્રીઅન્ટ્સ બજારમાંથી લાવીને આપી દે છે." રાસાયણિક ખાતરના અતિરેકે દાટ વાળ્યો છે. જૂનાગઢ એગ્રીકલ્ચર યુનિવર્સિટીના જમીન વિકાસ વિભાગના વિજ્ઞાની એચ.એલ.સાકરવાડિયા કહે છે, "ગુજરાતની જમીનમાં અત્યારે આયર્ન અને ઝિન્કની બહુ જ મોટી ઉણપ જોવા મળે છે. ઓર્ગેનિક મેટર કે દેશી ખાતર કે પછી છાણિયા ખાતરનો અત્યંત ઘટી ગયેલો વપરાશ તેને માટે જવાબદાર છે. પહેલાના જમાનામાં ખેડૂતો એક કે બે જ પાક લેતા હતા. હવે ખેડૂતો ત્રણ પાક લેવા સુધી પહોંચી ગયા છે. માઈક્રોન્યુટ્રીઅન્ટ્સના જમીનમાં થઈ રહેલા ઘટાડા માટે ખેડૂતોનું આ વલણ પણ જવાબદાર છે. માઈક્રોન્યુટ્રીઅન્ટ્સનું પ્રમાણ જમીનમાં ઘટી જતાં પાક ઉત્પાદન પર પણ તેની મોટી અસર જોવા મળી રહી છે. બીજું, ખેડૂતો બહુધા નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટાશનો જ ખાતર તરીકે ઉપયોગ કરે છે. માઈક્રોન્યુટ્રીઅન્ટ્સનો ઉપયોગ કરતાં નથી. પહેલા ખેડૂતો ખેતરમાં દેશી ખાતરનો પણ ઉપયોગ નિયમિત કરતાં હતા. તેથી માઈક્રોન્યુટ્રીઅન્ટ્સની અછત વરતાતી નહોતી."

અત્યારે ખેડૂતો પાસે ઢોરની સંખ્યા ઘટી ગઈ છે. કેટલાક પાસે તો ઢોર છે જ નહિ. બીજું, ખેતીની જમીનનું કદ દિવસે દિવસે નાનું થતું જાય છે. તેનો એકમાત્ર ઉપચાર સેન્દ્રિય ખાતર જ છે. આ ખાતર તરીકે નિમ કેક એટલે કે લીંબોડીનું તેલ કાઢ્યા પછી નીકળતો ખોળ ખાતર તરીકે વાપરી શકાય છે. તેવી જ રીતે એરંડાના બીજમાંથી એરંડિયું કાઢી લીધા બાદ બચતો ખોળ પણ સેન્દ્રિય ખાતર તરીકે જમીનમાં નાખી શકાય છે. આ સેન્દ્રિય ખાતર જમીનમાં જતાં જમીનમાં પડેલા પણ



નાઈટ્રોજનની અછત

નાઈટ્રોજન દરેક છોડના કોશમાં જોવા મળે છે. પ્લાન્ટના પ્રોટીન અને હોર્મોન્સમાં પણ નાઈટ્રોજન જોવા મળે છે. ક્લોરોફિલમાં પણ નાઈટ્રોજન જોવા મળે છે. ક્લોરોફિલ એક લીલા રંગનો પિગમેન્ટ જ છે. દરેક લીલા છોડમાં તે જોવા મળે છે. સાયનોબેક્ટેરિયામાં પણ ક્લોરોફિલ હોવાનું જોવા મળે છે. તેનું મુખ્ય કામ ફોટોસિન્થેસિસ-પ્રકાશ સંશ્લેષણની ક્રિયા કરવાનું છે. પ્રકાશ સંશ્લેષણની પ્રક્રિયાની મદદથી તે કાર્બન ડાયોક્સાઈડ અને પાણીમાંથી છોડવાને જોઈતો પોષક તત્વો મેળવી આપે છે. તેની આડપેદાશરૂપે ઓક્સિજન પેદા કરે છે. વનસ્પતિ વાતાવરણમાંના નાઈટ્રોજનનો ઉપયોગ પોષણ માટે કરે છે. વાતાવરણમાંના નાઈટ્રોજનને તે વનસ્પતિના મૂળિયા સુધી પહોંચાડવાનું કામ કરે છે. રાસાયણિક ખાતર બનાવતી કંપનીઓ હવામાંના નાઈટ્રોજનનો ઉપયોગ કરીને એમોનિયમ નાઈટ્રેટ અને યુરિયા ખાતર બનાવે છે. તેનો છંટકાવ ખેતરની જમીન પર કરવામાં આવે ત્યારે નાઈટ્રોજનનું રૂપાંતર જુદાં જુદાં ખનીજ દ્રવ્યોમાં પણ થાય છે. આ ખનીજ દ્રવ્યનો વનસ્પતિ પોતાના પોષણ માટે ઉપયોગ કરે છે. લાલ કે ઓછી ચીકણી માટીની તુલનાએ કાળી કે ચીકણી માટેમાં નાઈટ્રોજનનું પ્રમાણ વધારે હોય છે. ભારે વરસાદ પડે ત્યાર જમીનમાંથી નાઈટ્રેટ બહુ જ આસાનીથી છૂટું પડી જાય છે. પરિણામે જમીનમાં એસિડનું પ્રમાણ વધી જાય છે. આ સ્થિતિમાં જમીનને નાઈટ્રોજનનો હળવો ડોઝ આપવો જરૂરી બની જાય છે. હળવો ડોઝ આપવાથી જમીન પરની વનસ્પતિ સંપૂર્ણપણે તે નાઈટ્રોજનને શોષી લે છે.

નાઈટ્રોજન વધારવા શું કરી શકાય?

નાઈટ્રોજનની ઉણપ હોય ત્યારે નાઈટ્રોજનને બહુ જ હળવો ડોઝ આપવો જોઈએ. તેમ જ તેમાં ગાય-ભેંસના છાણમાંથી તૈયાર કરવામાં આવેલું કે વર્મિકલ્ચરથી તૈયાર કરવામાં આવેલું ખાતર નાખવું જોઈએ. તેમ કરવાથી જમીનમાંથી નાઈટ્રોજન ઘટી જવાની પ્રક્રિયા ધીમી પડી જાય છે.

ફોસ્ફરસ

ફોસ્ફરનું કામ સૂર્યની ઉર્જાને વનસ્પતિમાં ટ્રાન્સફર કરવાનું છે. તેનાથી બીજ અંકુરિત થઈને વહેલા મૂળમાં પરિવર્તિત થાય છે. વનસ્પતિનો વિકાસ ઝડપી બને છે અને છોડ ઝડપથી પરિપક્વ વહેલી થાય છે. સલ્ફ્યુરિક એસિડમાંથી ફોસ્ફેટ બને છે. દરેક પ્રકારના ખાતરમાં ફોસ્ફરસ હોય જ છે. માત્ર અનાજ કે વનસ્પતિ ખાઈને નભતા જાનવરોના મળમાંથી બનાવવામાં આવતા ખાતરમાં ફોસ્ફરસનું પ્રમાણ બહુ જ વધારે હોય છે.



ફોસ્ફરસ વધારવા શું કરી શકાય?

ફોસ્ફરસ વધારવા માટે ગાય અથવા તો ભેંસના મળમૂત્રમાંથી બનાવવામાં આવેલું કુદરતી ખાતર જ ખેતરમાં નાખવું જોઈએ. તેમાં ફોસ્ફરસનું પ્રમાણ ખાસ્સું વધારે હોવાનું વિજ્ઞાનીઓનું માનવું છે.



પાક લઈને નવો પાક લેતા પૂર્વે અઢી એકર જમીનમાં 10 ટન છાણિયું ખાતર નાખવાનું હોય છે. પરંતુ આ પ્રથાને આજનો ખેડૂત વિસરી જતા જમીનમાંથી માઈક્રોન્યુટ્રીન્ટ્સ ઘટી રહ્યા છે.

વનસ્પતિ ન શોષી શકે તેવા પોષક ઘટકોને છૂટા પડવાનો રસ્તો કરી આપે છે. જમીનમાંના ખેતીને ઉપયોગી બેક્ટેરિયાને સક્રિય કરે છે. આ બેક્ટેરિયા જમીનમાં પડેલા પોષક તત્વોને છૂટા પાડીને વનસ્પતિને શોષવાને પાત્ર બનાવી દેવાનું કામ કરે છે. બીજું, રાસાયણિક ખાતરને કારણે જમીનમાં ઊંડા ઉતરી ગયેલા ખેડૂત મિત્ર ગણાતા અળસિયાને ઉપર આવવાનો રસ્તો કરી આપે છે. તેથી જમીન સરળતાથી શ્વાસ લઈ શકે છે. પરિણામે જમીનની ફળદ્રુપતામાં વધારો થાય છે.

વાસ્તવમાં માઈક્રોન્યુટ્રીઅન્ટ્સની અછત દૂર કરવાનો એક વિકલ્પ છે માત્ર ગોબર-છાણિયા ખાતરનો ઉપયોગ જ છે. ગોબરનો-ગાયના છાણ જેવા માત્ર કુદરતી ખાતરનો ઉપયોગ કરીને ધીમી પણ મક્કમ ગતિએ જમીનની ફળદ્રુપતા પાછી હાંસલ કરી શકાય છે. વાસ્તવમાં રાસાયણિક ખાતરના અતિરેકને કારણે તો જમીનની ફળદ્રુપતા જાળવવામાં મદદ કરતાં અળસિયા સહિતના અનેક પ્રકારના બેક્ટેરિયા ખતમ થઈ ગયા છે અને થઈ રહ્યા છે. એક અંદાજ મુજબ રાસાયણિક ખાતરમાં નાઈટ્રોજન અને ફોસ્ફેટનો વધુ પડતો ઉપયોગ આ સ્થિતિ માટે જવાબદાર છે. તેમ જ જમીનમાંથી વધુ ઉપજ મેળવવાની ખેડૂતને લાલસા પણ આ સ્થિતિ માટે જવાબદાર છે. માઈક્રોન્યુટ્રીઅન્ટ્સની જમીનમાંની અછત તેના પર ઉગતી વનસ્પતિ કે છોડમાં પણ તે ઘટકોની અછત વધારે છે. આયર્ન (લોહતત્વ) અને ઝિન્ક-જસતની અછત વધુ પડતી જોવા મળે છે.

માઈક્રોન્યુટ્રીઅન્ટ્સની અછતવાળો પાક માનવ આરોગ્ય પર પણ વિપરીત અસર કરે છે. માત્ર માનવ જ નહિ, કૃષિ ઉપજનો આહાર તરીકે ઉપયોગ કરતાં માનવો-જાનવરો પર પણ તેની અવળી અસર પડી રહી છે. નિષ્ણાતો કહે છે કે માઈક્રોન્યુટ્રીઅન્ટ્સની અછતવાળો આહાર માનવ-પશુઓના શારીરિક વિકાસ અને તેની પ્રજનન શક્તિ પર અવળી અસર પાડે છે. હકીકત એ છે કે વનસ્પતિ અને તેમાંના પોષક તત્વો કે મિનરલ્સ-ખનીજ દ્રવ્યો જ માનવ તથા પશુઓને પોષણ આપે છે.

ગુજરાત સરકારે આ જ સમસ્યાનો ઉકેલ લાવવા માટે સોઈલ ટેસ્ટિંગ માટેની લેબોરેટરીઓ ઠેર ઠેર ઊભી કરી આપી છે. તેની મદદથી જમીનમાં ઘટતા પોષક તત્વોનો અંદાજ સોઈલનો એટલે કે ખેતરની માટીનો લેબોરેટરી ટેસ્ટ કરાવીને મેળવી શકાય છે. તેમ કર્યા પછી યોગ્ય પ્રમાણમાં પોષક તત્વો વનસ્પતિને આપીને સારો પાક લઈ શકાય છે. ઉદાહરણ આપીને વાત કરીએ. અમદાવાદ જિલ્લામાં ડાંગરનો ખાસ્સો પાક લેવાય છે. સામાન્ય પણે ડાંગરમાં બોરોન, આયર્ન, કોપર, આયોડિન, મોલીબ્લેન્ડેનમ અને ઝિન્ક જેવા પોષક ઘટકોનું પ્રમાણ ઓછું હોવાનું જોવા મળે છે. ઘઉંના પાકમાં પણ આયર્ન, આયોડીન અને ઝિન્કનું પ્રમાણ ઓછું હોવાનું જોવા મળે છે. ડાંગરના પાક માટે સોળ પોષક ઘટકો મહત્વના ગણાય છે. તેમાં નાઈટ્રોજન, ફોસ્ફરસ, પોટાશિયમ, સલ્ફર ડાંગરના છોડના વિકાસ માટે અત્યંત મહત્વના છે. આ તમામ માઈક્રોન્યુટ્રીઅન્ટ જમીનમાંથી મળવા જોઈએ. તદુપરાંત નાની માત્રામાં તેને આયર્ન, મેન્ગેનીઝ, ઝિન્ક, કોપર, બોરોન અને મોલીબ્લેન્ડેનમની પણ જરૂર પડે છે. માઈક્રોન્યુટ્રીઅન્ટ્સ જમીનમાંથી ન મળે તો તે પાક સારો થયો હોવા છતાંય તે માનવ માટે પોષક ગણાતો નથી. ■

પોટેશિયમ

પોટેશિયમનું કામ વનસ્પતિની રોગપ્રતિકારક શક્તિને વધારવાનું છે. તેમ જ બીજને અંકુરિત થવાની પ્રક્રિયામાં વેગ આપવાનું કામ કરે છે. પ્લાન્ટ્સમાં સ્ટાર્ચ, સુગર તથા તૈલી ઘટકોની હરફર થવાની પ્રક્રિયાને પણ વેગ આપે છે. તેનાથી ફળની ગુણવત્તામાં સુધારો થાય છે. જમીનમાં સતત બાગાયતી પાક એટલે કે કેળાંનો સીતાફળનો પાક લેવામાં આવે કે સતત ઘાસચારો લેવામાં આવે તો પણ તેમાંના પોટેશિયમના ઘટકો ઓછા થઈ જાય છે.




પોટેશિયમ વધારવા શું કરી શકાય?

જમીનમાં પોટેશિયમ વધારવા માટે મ્યુરેટ ઓફ પોટાશ કે પછી સલ્ફેટ ઓફ પોટાશનો ઉપયોગ કરી શકાય છે. બીજો વિકલ્પ છે સેન્દ્રિય ખાતર આપવાનો. એક હેક્ટરે 1000 કિલોગ્રામ છાણિયું ખાતર આપવાથી તેમાં પોટેશિયમના ઘટકોનો વધારો થાય છે. જમીનમાંના પોષક દ્રવ્યોને વનસ્પતિ શોષી શકે તેવા બનાવવાની પ્રક્રિયા પણ છાણિયું ખાતર કરે છે.

મેગ્નેશિયમ

પ્રકાશ સંશ્લેષણની ક્રિયા કરવા માટે જરૂરી ક્લોરોફિલનું એક મહત્વનું ઘટક છે મેગ્નેશિયમ. પ્રકાશ સંશ્લેષણની પ્રક્રિયા સૂર્યના તડકાનો ઉપયોગ કરીને એટલે કે સૌર ઉર્જાનો ઉપયોગ કરીને વનસ્પતિ માટે આહાર બનાવવાનું કામ કરે છે. રેતાળ જમીનમાં તેની અછત વહેલી થાય છે. તેમાં વધુ પડતો વરસાદ પડે ત્યારે પાણી સાથે મેગ્નેશિયમ ખેંચાઈ જાય છે. એક જમીન પર સતત બાગાયતી પાક જ લેવાનું ચાલુ રાખવામાં આવે તો તેને પરિણામે પણ જમીનમાંનું મેગ્નેશિયમ ઓછું થઈ જાય છે.



મેગ્નેશિયમ વધારવા શું કરી શકાય?

પોટેશિયમના ઘટક ધરાવતા રાસાયણિક ખાતરનો વધુ વપરાશ કરીને મેગ્નેશિયમની ઉણપ દૂર કરી શકાય છે. ડોલોમાઈટ એટલે કે મેગ્નેશિયમ-કેલ્શિયમ અને કાર્બોનેટના મિશ્રણનો ઉપયોગ કરીને પણ પોટેશિયમની અછત દૂર કરી શકાય છે. મેગ્નેસાઈટ કે મેગ્નેશિયમ ઓક્સાઈડ અથવા તો ઈપ્સોમ સોલ્ટ એટલે કે મેગ્નેશિયમ સલ્ફેટનો ઉપયોગ કરીને પણ તેની અછત દૂર કરી શકાય છે.

કેલ્શિયમ

વનસ્પતિના મૂળની તન્દુરસ્તી માટે કેલ્સિયમ બહુ જ જરૂરી પોષક દ્રવ્ય ગણાય છે. મૂળના રેસાને વિકસાવવામાં તે બહુ જ મોટો ફાળો આપે છે. વનસ્પતિના પાંદડાંના વિકાસમાં પણ તેનો ફાળો બહુ જ મોટો છે.



કેલ્શિયમ વધારવા શું કરી શકાય?

ચૂનો, જિપ્સમ, ડોલોમાઈટ અને સુપર ફોસ્ફેટમાંથી કેલ્શિયમ મળી રહે છે. ચૂનો કેલ્શિયમ મેળવવાનો સૌથી સસ્તો વિકલ્પ છે. ડોલોમાઈટનો ઉપયોગ કરવાથી મેગ્નેશિયમ અને કેલ્શિયમની ઉણપ દૂર થાય છે. ડોલોમાઈટનો ઉપયોગ પણ બહુ જ સમજીવિચારીને કરવો જરૂરી છે. અન્યથા કેલ્શિયમ અને મેગ્નેશિયમનું લેવલ ખોરવાઈ જવાની પણ દહેશત રહેલી છે. કેલ્શિયમ અને ફોસ્ફરસની જરૂર હોય ત્યાં સુપર ફોસ્ફેટનો ઉપયોગ લાભદાયી સાબિત થાય છે.

સલ્ફર

સલ્ફર એ એમિનો એસિડનું જ એક ઘટક છે. એમિનોએસિડ વનસ્પતિમાંના પ્રોટીનનો જ એક હિસ્સો છે. વનસ્પતિ કે છોડમાં ઉર્જા નિર્માણ કરવાની પ્રક્રિયાને વેગવંતી બનાવવાની કામગીરી સલ્ફર કરે છે. વનસ્પતિમાં જુદી જુદી ફ્લેવર લાવવાનું પણ કામ સલ્ફર જ કરે છે. ડુંગળી-કાંદાંની કે કોબીની સુગંધ તેના પ્રમાણથી નક્કી થાય છે.



સલ્ફર વધારવા શું કરી શકાય?

જમીનમાં મોટા પ્રમાણમાં ઓર્ગેનિક મેટર એટલે કે છાણિયુ કે સેન્દ્રિય ખાતર નાખવામાં આવતું હોય તો તે જમીનની માટીમાં સલ્ફરની ઉણપ આમ બહુ મોટી સમસ્યા ઊભી થતી જ નથી. સુપરફોસ્ફેટ, જિપ્સમ, એમોનિયા, સલ્ફર અને સલ્ફેટનો ઉપયોગ કરીને સલ્ફરની કમી દૂર કરી શકાય છે.

ડૉલર વૃન્દા
મોટર મિકેનિક
ચેરમેન સુધીની

2021માં ડૉલરભાઈ વૃન્દાવનદાસ કોટેચાએ ખેતી બેન્કના ચેરમેન તરીકેનો હોદ્દો ગ્રહણ કર્યો. ખુરશી ગ્રહણ કર્યા ને બે સેકન્ડ માટે પોતાની સફરના આરંભના દિવસોમાં ખોવાઈ ગયા અને સંતોષની લાગણી અનુભવી. હા, ડૉલર કોટેચાએ જીવનની સફરનો આરંભ મોટર મિકેનિક્સ તરીકે કર્યો હતો. પિતાજીની મોટર વર્કશોપમાં તેમણે મિકેનિક તરીકેના કામથી કારકીર્દિની શરૂઆત કરી હતી. પરિવારની આર્થિક કઠણાઈને કારણે માત્ર અન્ડર ગ્રેજ્યુએટ સુધીનો જ અભ્યાસ કરી શક્યા હતા. સહકારી બેન્કમાં લોન માટે પિતાએ કરેલી અરજી રિજેક્ટ થઈ. તેથી આર્થિક ભીંસ વધી ગઈ. પરિણામે અભ્યાસ છોડીને વ્હાઈટ કૉલર વર્કર તરીકે નહિ, બ્લ્યુ કૉલર વર્કર તરીકે કારકીર્દિની શરૂઆત કરી. પરંતુ તેમનો હોંસલો બુલંદ હતો અને મહત્વાકાંક્ષા મોટી હતી. મહેનત કરવામાં પાછું વળીને જોવાની માનસિકતા જ નહોતી. ખંતથી આગળ વધવાના પ્રયાસ કરતા રહ્યા અને સફળતા તેમના ચરણો ચૂમતી રહી. હંમેશથી ઉદ્યોગસાહસિકની માનસિકતા ધરાવતા ડૉલરભાઈએ કારકિર્દી શરૂ કર્યાના થોડા જ વર્ષોમાં મોટરપાર્ટ્સના બિઝનેસમાં જંપલાવ્યું. આવક વધતા તેમણે બાંધકામ ઉદ્યોગમાં પણ હાથ અજમાવ્યો. કોઠાસૂઝને કારણે સાવ નવા ક્ષેત્રમાં પણ તેમને અભૂતપૂર્વ સફળતા મળી. ત્યાર પછી તો તેમણે ઓટોમોબાઈલ ઉપરાંત હોટેલ અને રિઝોર્ટ્સના બિઝનેસમાં પણ પદાર્પણ કર્યું. તેમાંય તેમને માટે સફળતા સહજ હતી. ડૉલર કોટેચા 1990થી સેલ્સ એન્ડ સર્વિસના બિઝનેસ સાથે સંકળાયેલા છે. આજની તારીખે પણ સેલ્સની કુનેહથી તેઓ જે સંસ્થા કે બેન્ક સાથે જોડાય છે, તેને સડસડાટ પ્રગતિના પંથે આગળ વધારી આપે છે.

તેમની સેલ્સની કુનેહ વિષે એવું કહેવાય છે કે તેમને હિમાલયના ઠંડા વિસ્તારમાં એરકન્ડિશનર અને રેફ્રિજરેટર વેચી બતાવવાનું કહે તો આ અશક્ય જણાતું કામ પણ તે સહજતાથી પાર પાડી શકશે. જૂનાગઢ

ડૉલર કોટેચાની સફળતાની સફર

1992 ડિરેક્ટર
જૂનાગઢ કોમર્શિયલ કોઓપરેટીવ બેન્ક

1992-2003 ચેરમેન
જૂનાગઢ કોમર્શિયલ કોઓપરેટીવ બેન્ક

2003 ડિરેક્ટર
ગુજરાત અર્બન કોઓપરેટીવ બેન્ક ફેડરેશન-અમદાવાદ

2004-2008 મેનેજિંગ ડિરેક્ટર
જૂનાગઢ કોમર્શિયલ કોઓપરેટીવ બેન્ક

2005 ડિરેક્ટર
ગુજરાત સ્ટેટ કોઓપરેટીવ બેન્ક

2005 સભ્ય
ટાકકબ

2005 ચેરમેન
ગુજરાત અર્બન કોઓપરેટીવ બેન્ક ફેડરેશન

2005 ડિરેક્ટર
જૂનાગઢ જિલ્લા સહકારી સંઘ

2005 ડિરેક્ટર
ગુજરાત સ્ટેટ કોઓપરેટીવ યુનિયન-અમદાવાદ

2008 ડિરેક્ટર
ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉસિંગ ફાઈનાન્સ કોર્પોરેશન

2008 ડિરેક્ટર
જૂનાગઢ જિલ્લા કોઓપરેટીવ બેન્ક

2009 ડિરેક્ટર
કોડિનાર તાલુકા બેન્ક યુનિયન લિમિટેડ

2010 ડિરેક્ટર
ગુજરાત રાજ્ય હેન્ડલૂમ, હેન્ડિક્રાફ્ટ એન્ડ ઔદ્યોગિક સહકારી ફેડરેશન

2014 વાઈસ ચેરમેન
ખેતી બેન્ક

2019 ચેરમેન
જૂનાગઢ જિલ્લા કોઓપરેટીવ બેન્ક

2021 ચેરમેન
ખેતી બેન્ક, ગુજરાત સ્ટેટ કોઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેન્ક

2022 ચેરમેન
નેશનલ કોઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેન્ક ફેડરેશન-મુંબઈ

ડૉ. વનદાસ કોટેચા

ક્સથી ખેતી બેન્કના
ની સફળતાની સફર



કોમર્શિયલ કોઓપરેટીવ બેન્કમાં તેમના સાથે રહેલા જયેશ આચાર્યનું કહેવું છે કે ડૂબવાને આરે આવેલી સૌરાષ્ટ્રની છ સહકારી બેન્કોને ટેક ઓવર કરીને તેને ફરી સંગીન સ્થિતિમાં લાવી દીધી છે. આ છ બેન્કોમાં વંથલી, કેશોદ અના માણાવદરમાં બ્રાન્ચ ધરાવતી વંથલી નાગરિક સહકારી બેન્ક, જામનગરની વર્ધમાન કોઓપરેટીવ બેન્ક, લીમડીમાં આવેલી લીમડી વિભાગીય નાગરિક સહકારી બેન્ક, ઋષિકા મહિલા સહકારી બેન્ક, લાઠી વિભાગીય નાગરિક સહકારી બેન્ક અને અમદાવાદ મહિલા નાગરિક સહકારી બેન્કનો સમાવેશ થાય છે.

ડૉલર કોટેચાએ જુનાગઢ કોમર્શિયલ કોઓપરેટીવ બેન્કનો હવાલો સંભાળ્યો ત્યારે તેમની બેન્કની થાપણ માત્ર 3.98 કરોડ અને મૂડી રૂ. 11.53 લાખની જ હતી. માર્ચ 2022ના અંતે તેની થાપણો વધીને રૂ. 342 કરોડની અને શેરમૂડી રૂ. 7.78 કરોડની થઈ છે. બેન્કનો કુલ બિઝનેસ આ ગાળામાં વધીને રૂ. 500 કરોડની સપાટીને આંબી ગયો છે. જૂનાગઢ જિલ્લા સહકારી બેન્કના મેનેજિંગ ડિરેક્ટર તરીકે ડૉલર કોટેચાએ ચાર્જ તેમણે સંભાળ્યો ત્યારે બેન્ક મોટી ખોટ કરતી હતી. 2019માં જૂનાગઢ જિલ્લા કોઓપરેટીવ બેન્કના ચેરમેન તરીકે ચૂંટાયા ત્યારે ડિવિડંડ આપવાની જાહેરાત કરી. આમ સમગ્ર બેન્કના આર્થિક ગણિતોને પલટી નાખવાની કુનેહ ડૉલર કોટેચા ધરાવે છે. જૂનાગઢ કોમર્શિયલ કોઓપરેટીવ બેન્ક આજે અમદાવાદ, સુરેન્દ્રનગર, ગીર-સોમનાથ, અમરેલી, જામનગર અને ગાંધીનગર જિલ્લા સાથે મળીને 15 શાખાઓનું નેટવર્ક ધરાવે છે. ડૉલર કોટેચા માત્ર કૉલેજની ડિગ્રીના માણસ નથી. કોઠાસૂઝથી કામ કરી આગળ વધવાની

કાબેલિયત ધરાવતી વ્યક્તિ છે. ખેતી બેન્કના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર વી.એમ. ચૌધરી કહે છે, “કોઈપણ મુદ્દે ડૉલર કોટેચા ઝીણામાં ઝીણી અને સંપૂર્ણ માહિતી એકઠી કરી અભ્યાસ કરે છે. છેવટે સંસ્થા અને સંસ્થાના સભ્યોના હિતમાં નિર્ણય લે છે. સહુનું સાંભળીને સહુ સભાસદોના હિતમાં નિર્ણય લે છે. તેમણે જે સંસ્થાની જવાબદારી લીધી છે તેને આગળ લાવીને જ રહ્યા છે.”

તેનું છેલ્લું ઉદાહરણ છે ખેતી બેન્ક. સપ્ટેમ્બર 2021માં ખેતી બેન્કના ચેરમેન બન્યા ત્યારે ઝીરો એનપીએ બેન્ક બનાવવાના લક્ષ્યાંક સાથે તેમને હોદ્દો ગ્રહણ કર્યો હતો. પ્રથમ વર્ષમાં બાકી લેણામાંથી રૂ. 276 કરોડની રિકવરી કરી અને નવું રૂ. 275 કરોડનું ધિરાણ પણ કર્યું. છેલ્લા નાણાંકીય વર્ષમાં ખેતી બેન્કે રૂ.106 કરોડથી વધુ રકમનો નફો કર્યો છે. રિકવરી માટે નવી વનટાઈમ સેટલમેન્ટ યોજના પણ લાવ્યા અને તેના માધ્યમથી રિકવરી કરી. આ શક્ય બન્યું છે કારણ કે ડૉલર કોટેચા પાસે દરેક કર્મચારી પાસે કામ લેવાની ગજબ કુનેહ છે. આ કુનેહનો ઉપયોગ કરી તેમણે ખેતી બેન્કને ખરા અર્થમાં ધમધમતી કરી દીધી છે. બેન્કને નવી ઓળખ અને કોર્પોરેટ લૂક પણ આપ્યો છે. આમ ગુજરાતમાં ખેતી બેન્કનું નામ ગાજતું અને ગુંજતું કરી દીધું છે. હવે 2018 પૂર્વેના ડિફોલ્ટર્સ માટે નવેસરથી વનટાઈમ સેટલમેન્ટ યોજના લાવી બેન્કને ઝીરો એનપીએ બેન્કમાં રૂપાંતરિત કરવાની નેમ ધરાવે છે ડૉલર કોટેચા. આ યોજનાને ગુજરાત સરકારની લીલીઝંડી મળે તેની રાહ જોવાઈ રહી છે.

ડૂબી રહેલી બેન્કોના તારણહાર બનેલા ડૉલર કોટેચાએ નબળી પડી ગયેલી છ સહકારી બેન્કોને ટેક ઓવર કરીને તેને ફરી સંગીન સ્થિતિમાં લાવવાનું કામ કર્યું

ગુજરાતના સહકારી ક્ષેત્રની જે સંસ્થાને હાથમાં લીધી છે તે સંસ્થાની આર્થિક સ્થિતિમાં મોટું પરિવર્તન લાવીને જંપ્યા છે, તેથી જ સભાસદોમાં તે ખૂબ લોકપ્રિય છે

ચેરમેન બન્યા પછી દોઢ જ વર્ષમાં મોટી રિકવરી કરીને ખેતી બેન્કને 106 કરોડનો નફો કરતી બેન્ક બનાવી અકલ્પનીય સફળતા હાંસલ કરી, ડિવિડંડ આપવાની જાહેરાત કરી

તેમના પિતા વૃન્દાવનદાસ કોટેચાની બેન્ક લોનની અરજી રિજેક્ટ થઈ ત્યારે બેન્કો ચોક્કસ કોમ્યુનિટી માટે જ કામ કરતી હતી. પરિણામે સહકારી બેન્કમાંથી પણ દરેક કોમ કે જ્ઞાતિના લોકોને લોન નહોતી મળતી. આ બાબત ડૉલર કોટેચાને અન્યાયકર્તા લાગતી હતી. તેથી જ દરેક કોમ અને જ્ઞાતિના જરૂરિયાતમંદને લોન મળે તે માટે તેમણે સહકારી ઝુંબેશમાં જોડાવાનો નિર્ણય કર્યો. ડૉલર કોટેચાની એક જ લાગણી હતી. કોઈને પણ વાજબી કારણ વિના લોનથી વંચિત ન રહેવું પડે. આમ દરેક નાના માણસની દરકાર કરનાર એક સહકારી આગેવાન છે ડૉલર કોટેચા. તેમની આ લાગણીને વાસ્તવમાં પલટવા સૌ પ્રથમ જાન્યુઆરી 1992માં તેમણે જૂનાગઢ કોમર્શિયલ કોઓપરેટીવ બેન્કના ડિરેક્ટર બન્યા.

ટૂંકા ગાળામાં મોટી છલાંગ લગાવવી એ ડૉલર કોટેચાની તાસીર છે. તેમણે ગુજરાતની અને દેશની અનેક સહકારી સંસ્થાઓમાં સેવા આપી છે. ગુજરાત અર્બન કોઓપરેટીવ બેન્ક ફેડરેશનના ચેરમેન તરીકે તેમણે સહકારી બેન્કોના પરફોર્મન્સમાં સતત સુધારો થાય તેની ખેવના કરી હતી. તેથી જ તેમણે અર્બન કોઓપરેટીવ બેન્કની કામગીરીની ચકાસણી કરવા અને તેની નફાકારકતમાં વધારો કરવા શુ કરવું તે સમજવા માટે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ-અમદાવાદની નિમણૂક કરી હતી. તેમની ભલામણો અને તારણોને આધારે રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાને કેટલાક સૂચનો પણ તેમણે પાઠવ્યા હતા. તેમના આ પ્રયત્નો નિરર્થક કવાયત સાબિત નહોતા થયા. તેને કારણે 35 સહકારી બેન્કોને પુનર્જિવિત કરવાનો માર્ગ મોકળો થયો હતો. ટાફકબના સભ્ય તરીકે સહકારી ક્ષેત્રમાં કોર બેન્કિંગ, ઈ-બેન્કિંગ જેવી ટેકનોલોજી પર ફોકસ કરવાની રજૂઆત તેમણે કરી હતી.



ડૉલર કોટેચાની મહત્વાકાંક્ષા અનંત છે અને આગળ વધવાની ધગશ પણ એટલી જ છે. સહકારી ક્ષેત્રને ખાનગી ક્ષેત્રની બેન્ક જેવું સક્ષમ બનાવવું તે તેમની નેમ છે. કામ કઠિન છે, પરંતુ હોંસલો બુલંદ છે અને દૂરંદેશી પણ છે. તેથી જ શાંતિની ક્ષણોમાં બેઠાં હોય ત્યારે ડૉલર કોટેચા મનમાં ને મનમાં એકડો ઘૂંટતા હોય તેમ બોલ્યા કરે છે, મારા ભાઈ, હજી તો ઘણું આગળ જાવું છે. સફર અહીં પૂરી થઈ નથી. તેમની આ મનોકામનાનો પડઘો વી.એમ. ચૌધરીના શબ્દોમાં પડે છે, “ડૉલર કોટેચાની ક્ષમતા જોતાં ભવિષ્યમાં તેઓ રાષ્ટ્રીય કક્ષાની સહકારી સંસ્થાનું સુકાન સંભાળે તેવી સંપૂર્ણ શક્યતા છે.” ■

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિની સહાય બંધ ન થાય તે માટે
ખેડૂતો 31 ઓગસ્ટ પહેલા ઈ-કેવાયસી કરાવી લે

ગતના તાતને પડખે સંરક્ષક સિંહની જેમ કેન્દ્ર ને રાજ્ય સરકાર ઊભી છે. વર્ષમાં ત્રણ વાર આર્થિક સહયોગ રૂપે ખેડૂતોના ખાતામાં રૂ. 2000-2000 જમા કરાવે છે. 2023ના ઓગસ્ટ સુધીમાં સરકાર તેના 14 હપ્તા ખેડૂતોના ખાતામાં જમા કરાવી ચૂકી છે. પરંતુ હવે પછીય ખેડૂતોને તેમના ખાતામાં આર્થિક સહયોગ મળતું રહે તે માટે ઈ-કેવાયસી કરાવી લેવાની સૂચના આપવામાં આવી છે. બીજા શબ્દોમાં કહીએ તો લાભાર્થીએ તેની ઓળખ પાક્કી કરતાં પુરાવાઓ સરકારના પોર્ટલ પર અપલોડ કરી દેવાના છે. ખાસ કરીને નાના અને સીમાંત ખેડૂતો સરકારી આર્થિક સહાયથી વંચિત ન રહે તે માટે સરકાર ચિંતિત છે. તેથી જ હવે જે ખેડૂતોએ ઈ-કેવાયસી અપડેટ કરાવ્યા હશે તેમને જ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ હેઠળ નાણાંકીય સહાય મળશે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

ઈ-કેવાયસી કરાવતી વખતે દરેક ખેડૂત માટે આધારકાર્ડ નંબર નાખવો જરૂરી, તેના વિના ઈ-કેવાયસી અપડેટ નહિ થાય : ખેડૂત જનસેવા કેન્દ્રમાં જઈને ફિંગર પ્રીન્ટ આપીને પણ તેમના ઈ-કેવાયસી અપગ્રેડ કરાવી શકે છે



ઈ-કેવાયસી કરવા માટે ખેડૂતોએ પ્રધાન મંત્રી કિસાન યોજનાની સત્તાવાર વેબસાઈટ પર જઈને ઈ-કેવાયસી અપડેટ કરાવવાના રહેશે. કોમન સર્વિસ સેન્ટરમાં જઈને પણ ખેડૂતો તેમના ઈ-કેવાયસી અપડેટ કરાવી શકશે. ઈ-કેવાયસી અપડેટ કરાવશે તેમને જ પ્રધાનમંત્ર કિસાન સન્માન નિધિ હેઠળ આર્થિક સહાય મળશે. અપડેટ ન કરાવનારાઓએ આર્થિક સહાયથી વંચિત રહેવું પડશે. ઈ-કેવાયસી અપડેટ કરવામાં અમાન્ય ઠરે તેવા ઓટીપીની થોડીક સમસ્યા પણ હોવાનું જોવા મળે છે. આ સમસ્યાનો પણ ઉકેલ આવી રહ્યો છે.

ઈ-કેવાયસી અપડેટ કરાવ્યા પછી ખેડૂતોના લાભ માટેની અન્ય યોજનાઓના લાભ મેળવવા પણ ખેડૂતો માટે સરળ બની જશે

ઈ-કેવાયસી અપડેટ કરવા માટે જે તે ખેડૂત પાસે આધારકાર્ડ નંબર હોવો ફરજિયાત છે. ઈ-કેવાયસી કરવા જતાં ખેડૂતો આધાર નંબર નાખે તે પછી તેમને રેકોર્ડ નોટ ફાઉન્ડ એટલે કે તેમનો રેકોર્ડ પોર્ટલ પર જડતો નથી તેવો મેસેજ મળે છે. આ મેસેજ મળે અને તેમના ઈ-કેવાયસી અપડેટ ન થતા હોય તો ખેડૂતો કોમન સર્વિસ સેન્ટરની કચેરી પર જઈ શકે છે. કોમન સર્વિસ સેન્ટર પર બેઠેલાં કર્મચારીઓ ખેડૂતોને તેમની સમસ્યાઓનો ઉકેલ લાવવામાં મદદ કરશે. વાસ્તવમાં આધારકાર્ડ સાથે મોબાઈલ નંબર લિન્ક કરવામાં ન આવેલો હોવાથી ખેડૂતોને ઈ-કેવાયસી અપડેટ ન થવાની સમસ્યા નડી રહી હોવાનું માનવામાં આવે છે. બીજું, ખેડૂતે રજિસ્ટર કરાવેલો મોબાઈલ નંબર જ બદલી નાખવામાં આવ્યો હોય કે અન્ય કોઈ મોબાઈલ નંબર રજિસ્ટર કરાવવામાં આવ્યા હોય તો પણ ઓટીપી ન મળવાની સમસ્યા થાય છે. કારણ કે મોબાઈલ નંબર અલગ હોવાથી જ તેમનો રેકોર્ડ ન મળતો હોવાનો મેસેજ પોપ અપ થતો હોવાનું માનવામાં આ છે.

ઈ-કેવાયસીની પ્રક્રિયા પૂરી કરવા માટે ખેડૂતો આધાર અપગ્રેડ કરાવે છે. તેમ કરાવે ત્યારે તેમના મોબાઈલ પર ઇનવેલિડ ઓટીપીની સમસ્યા દેખાય છે. આ સમસ્યા આધારકાર્ડ સાથે મોબાઈલ નંબર લિન્ક કરવાને કારણે પણ આવે છે. ઈ-કેવાયસી અપડેટ કરાવવાની કોશિશ કરનારનો મોબાઈલ નંબર આધારકાર્ડથી લિન્ક ન થતો હોવાથી પણ ઇનવેલિડ-અમાન્ય ઓટીપી-વન ટાઈમ પાસવર્ડનો મેસેજ આવે છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે અરજી કરનારે તેના મોબાઈલ નંબરને આધારકાર્ડ સાથે લિન્ક કરાવવાની કવાયત કરાવવી પડશે.

બીજું, ઈ-કેવાયસી અપડેટ કરાવતી વખતે

નાખવામાં આવેલો મોબાઈલ નંબર ખોટો પણ હોઈ શકે છે. તમારો મોબાઈલ નંબર ખોટો હશે તો ફરીવાર પણ ઓટીપી-વન ટાઈમ પાસવર્ડ મેળવવામાં તકલીફ પડી શકે છે. તમે આધારકાર્ડ સાથે જે મોબાઈલ નંબર લિન્ક કરાવ્યો હોય તે જ નંબર મોકલવો ફરજિયાત છે. આધારકાર્ડ સાથે યોગ્ય મોબાઈલ નંબર જ લિન્ક કરાવવો ફરજિયાત છે. ઈ-કેવાયસી અપગ્રેડ કરાવવા માટે સરકારે 31મી ઓગસ્ટ સુધીની મુદત આપેલી છે. પહેલા 31મી જુલાઈ છેલ્લી તારીખ હતી. સંભવ છે કે તેમાં હજીય એકાદ એક્સટેન્શન આવી શકે છે. ખેડૂત જનસેવા કેન્દ્રમાં જઈને ફિંગર પ્રીન્ટ આપીને પણ તેમના ઈ-કેવાયસી અપગ્રેડ કરાવી શકે છે કોમન સર્વિસ સેન્ટરમાં બાયોમેટ્રિક્સને આધારે પણ ઈ-કેવાયસી અપલોડ કરવાની સુવિધા મળી રહે છે. તેમ કર્યા પછી તમને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિની યોજના હેઠળ મળવાપાત્ર લાભ મળતો જ રહેશે.

ખેડૂતોની આર્થિક હાલતમાં સુધારો લાવવા માટે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠલ યોજના હેઠળ રજિસ્ટર થયેલા

> **ઈ-કેવાયસી માટે નાના અને સીમાંત ખેડૂતોએ તેમના આધારકાર્ડ, મોબાઈલ નંબર, ઈ-મેઈલ આઈડી અને બેન્કની પાસબુકની વિગતો અપલોડ કરવાની છે.**



ખેડૂતોને વરસે રૂ. 6000 આપવામાં આવે છે. ઈ-કેવાયસી અપડેટ કરાવ્યા પછી ખેડૂતોના લાભ માટેની અન્ય યોજનાઓના લાભ મેળવવા પણ ખેડૂતો માટે સરળ બની જશે. ઈ-કેવાયસી અપડેટ કરવાને કારણે ખોટી રીતે તેનો લાભ લેનારાઓને વીણી વીણીને અલગ તારવી લેવામાં આવશે. માત્ર પાત્રતા ધરાવતા લાભાર્થીઓને જ તેનો લાભ મળે તેવી સરકારની લાગણી છે. તેમાં સરકાર સાચી પણ છે. ઈ-કેવાયસી અપડેટ કર્યા પછી સરકાર પાસે ખેડૂતો અંગેનો પૂરો રેકોર્ડ તૈયાર થઈ જશે. રજિસ્ટર ખેડૂતોને સરકાર વિશેષ ઓળખ પણ આપી શકશે. ખેડૂતો પોતે ઈ-કેવાયસી અપલોડ કરી શકવાને સમર્થ હોય તો તેઓ પોતાના મોબાઈલના માધ્યમથી પણ અપલોડ કરી શકે છે. પાત્રતા ધરાવતા ખેડૂત સિવાયની વ્યક્તિ તેનો ગેરલાભ ન ઊઠાવે તે માટે જ આ સમગ્ર કવાયત કરવામાં આવી રહી છે. ઈ-કેવાયસી માટે નાના અને સીમાંત ખેડૂતોએ તેમના આધારકાર્ડ, મોબાઈલ નંબર, ઈ-મેઈલ આઈડી અને બેન્કની પાસબુકની વિગતો અપલોડ કરવાની છે. ■

કોમન સર્વિસ સેન્ટરમાં જઈ ઈ-કેવાયસી કરાવો

- ખેડૂતને પોતાને ઓનલાઈન પ્રક્રિયા ન કરતાં આવડે તો તે કોમન સર્વિસ સેન્ટરમાં પણ જઈ શકે છે. તેમને આધારકાર્ડ અને મોબાઈલ નંબર આપીને ઈ-કેવાયસીના રજિસ્ટ્રેશનની આખી પ્રક્રિયા ચાલુ કરાવી શકાશે. પહેલા આધારકાર્ડ અને મોબાઈલ નંબરને લિન્ક કરાવી દેવાનુ રહેશે.
- કોમન સર્વિસ સેન્ટરમાં ખેડૂતને તેની ફિંગર પ્રીન્ટ તથા આંખની ઈમેજ રેકોર્ડ કરવા જણાવવામાં આવશે. તેને આધારે તેમના રજિસ્ટ્રેશનની પ્રક્રિયા થઈ શકશે.
- ખેડૂતે જમીનની માલિકી દર્શાવતા સાતબારના ઉતારા અને આઠ - અ ના ઉતારાની વિગતો મૂકવી પડશે.
- કોમ સર્વિસ સેન્ટર ચલાવનારા ઈ-કેવાયસી કરાવવા ગયેલા ખેડૂતને કેટલાક સવાલ પણ પૂછશે.
- આ વિગતો કોમન સર્વિસ સેન્ટરના અધિકારી પોર્ટલ પર અપલો કરશે. તે પછી ખેડૂતના મોબાઈલ નંબર પર ઓટીપી આવશે. આ ઓટીપી મળ્યા પછી તે પણ પોર્ટલ પર અપલોડ કરી દેવાનો રહેશે. આ રીતે ઈ-કેવાયસી અપલોડ કરવાની પ્રક્રિયા પૂરી થશે.

ખેડૂત માટે ખાસ હેલ્પલાઈન નંબર

પ્રધાનમંત્રી કિસાન સન્માન યોજજના સંબંધમાં ખેડૂતને કોઈપણ સમસ્યા થાય કે તેને લગતી માહિતીની જરૂર પડે તો તેઓ હેલ્પલાઈન નંબર 155261 અથવા તો 011-24300606 પર ફોન કરીને માહિતી મેળવી શકે છે.

સ્ટેપ બાય સ્ટેપ ઈ-કેવાયસી અપડેશન કેમ કરાય

- pmkisan.gov.in નામની વેબસાઈટ પર આ વિગતો અપલોડ કરવાની છે.
- સૌથી પહેલા પીએમ કિસાન સન્માન નિધિની વેબસાઈટ પર જાવ
- હોમ પેજ પર દેખાતા વિકલ્પોમાંથી ઈ-કેવાયસીના વિકલ્પ પર ક્લિક કરો. ઈ-કેવાયસીનું બોક્સ ખૂલી જશે.
- ત્યારબાદ તેમાં તમારો આધારકાર્ડ નંબર નાખો
- આધારનંબર નાખ્યા પછી ગેટ મોબાઈલ ઓટીપી પર ક્લિક કરો.
- ખેડૂતના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર ઓટીપી આવશે. આ ઓટીપી-વન ટાઈમ પાસવર્ડ વેબસાઈટને જે તે ખાનામાં ટાઈપ કરવાનો રહેશે.
- ત્યારબાદ સબમિટના બટન પર ક્લિક કરો. આ રીતે તમારી ઈ-કેવાયસીની પ્રક્રિયા પૂરી થઈ જશે. તેનો મેસેજ પણ સ્ક્રિન પર દેખાઈ જશે.
- ઈ-કેવાયસી અપડેટ થયા કે નહિ તેની સ્ટેટસના વિભાગમાં જઈને પણ ચકાસણી કરી શકાય છે.
- ફરિયાર પીએમ સન્માન નિધિ વેબસાઈટમાં પ્રવેશ કરો.
- બેનિફિશિયરી સ્ટેટસ તરીકે દેખાતા લાભાર્થીના સ્ટેટસના વિભાગમાં જાવ
- સ્ક્રિન પર નવું પાનું ખૂલશે.
- તેના પર આધારકાર્ડ નંબર કે મોબાઈલ નંબર બેમાંથી એક અપલોડ કરો.
- ત્યારબાદ સ્ક્રિન પર કેપ્ચા કોડ આવશે. કેપ્ચા કોડ ભરી દેવાથી તમારા ઈ-કેવાયસીનું સ્ટેટસ જોવા મળશે.



e-crop આધારિત સ્માર્ટ ફાર્મિંગના ભારતમાં શ્રીગણેશ: ખેડૂતો આ રીતે લઈ શકે છે લાભ

તમારા પાકને કેટલા પ્રમાણમાં નાઈટ્રોજન, ફોસ્ફરસ , પોટેશિયમ કે પાણીની જરૂર છે તે તમને કોઈ ડિવાઈસ મારફતે ખબર પડી જાય તો? જી હા, અશક્ય જણાતી આ વાત હવે ટેક્નોલોજીએ શક્ય બનાવી દીધી છે. તાજેતરમાં જ ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચર રિસર્ચ (ICAR- ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ) ની ત્રિવેન્દ્રમ ખાતેનની સેન્ટર ટ્યુબર ક્રોપ્સ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ (CTCRI) દ્વારા e-crop બેઝ્ડ સ્માર્ટ ફાર્મિંગ (e-CBSF) ટેક્નોલોજી વિકસાવવામાં આવી છે. રાષ્ટ્રીય સ્તરે આ ટેક્નોલોજીને વધાવી લેવામાં આવી છે. એટલું જ નહિ, ICARએ વર્ષ 2022-23માં હોર્ટિકલ્ચર ક્ષેત્રની ટોચની પાંચ ટેક્નોલોજીમાં e-CBSFને સ્થાન આપ્યું છે.

e-CBSF છે શું?

e-CBSFનું પૂરુ નામ ઈ-ક્રોપ બેઝ્ડ સ્માર્ટ ફાર્મિંગ છે. તે ખેડૂતોને પરંપરાગત પદ્ધતિઓથી વધારે પાક લણવા માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડે છે. e-CBSF એ એક ઈન્ટરનેટ ઑફ થિંગ્સ (IoT) ડિવાઈસ છે. ઈન્ટરનેટ ઑફ થિંગ્સ ડિવાઈસ એટલે એવા ઉપકરણો જે ઈન્ટરનેટના માધ્યમથી એકબીજા સાથે જોડાયેલા છે. e-CBSF પણ આવું જ એક ઉપરકણ છે. આ ડિવાઈસ ખેડૂતોને પાકની હાલની વાસ્તવિક પરિસ્થિતિનું વિશ્લેષણ કરીને ખેડૂતને એગ્રો-એડવાઈઝરી પૂરી પાડે છે. આ માટે તે જમીન તથા આબોહવાની સ્થિતિને પણ ધ્યાનમાં લે છે.

e-CBSF કેવી રીતે કામ કરે છે?

આ ટેક્નોલોજી કેરળના ICARના અગ્રણી વૈજ્ઞાનિક ડો. સંતોષ મિત્રા દ્વારા વિકસાવવામાં આવી છે. આ ડિવાઈસ વાવેલા પાકમાં નાઈટ્રોજન, ફોસ્ફરસ, પોટેશિયમ અને પાણીની કેટલી જરૂરિયાત છે તેનું વિશ્લેષણ કરીને સમગ્ર માહિતી ખેડૂત સામે રજૂ કરી આપે છે. આ કારણે જો પાકને પોષણ ખૂટતું હોય તો ખેડૂત તાત્કાલિક જ જરૂરી પગલાં ભરી શકે છે.

સામાન્ય રીતે જો પાકને કેટલા પ્રમાણમાં કયા પોષકતત્વની જરૂર છે તેનો ખેડૂતને અંદાજ ન આવે તો કુપોષણ કે અતિપોષણને કારણે પાકને નુકસાન થાય છે. ઈ-ક્રોપ ઈન્ટરનેટ-ઑફ-થિંગ્સ ધરાવતા સેન્સર મારફતે પાકને નાઈટ્રોજન, ફોસ્ફરસ, પોટાશેયિમ, પાણી વગેરેની કેટલી જરૂર છે તેનું વિશ્લેષણ કરીને સ્માર્ટ ફર્ટિગેશન સિસ્ટમને ટેક્સ્ટ મેસેજ મોકલે છે. ફર્ટિગેશન સિસ્ટમ એટલે કે સિંચાઈના પાણીમાં પોષક તત્વો ભેળવીને તેને પાક સુધી પહોંચાડવાની પ્રક્રિયા. આ ફર્ટિગેશન સિસ્ટમ મેસેજને ડિકોડ કરીને મેસેજમાં જણાવેલા જથ્થા મુજબ પોષકતત્વો ઉમેરી દે છે. ત્યાર બાદ આ બધા પદાર્થો એક મિક્સિંગ ચેમ્બરમાં ભેગા કરવામાં આવે છે. પોષકતત્વો પાણી સાથે મિક્સ કરીને સ્પ્રિંકલર મારફતે કે પાકને પાણી પહોંચાડવાની અન્ય પદ્ધતિ મારફતે પાક સુધી પહોંચાડવામાં આવે છે. આશ્ચર્યની વાત તો એ છે કે દુનિયાના કોઈ પણ ખૂણે બેઠા બેઠા તમે મોબાઈલ ડિવાઈસની મદદથી તમારા પાકને પોષકતત્વો પહોંચાડી શકો છો. પ્રતિકૂળ આબોહવા અને મર્યાદિત સ્રોત હોય તેવા પ્રદેશોમાં e-CBSF સિસ્ટમની મદદથી પાકને મહત્તમ પોષણ આપી શકાય છે.

મોગો (કાસાવા), શક્કરિયા, સુરણ અને કેળાના પાક પર આ ટેક્નોલોજીનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. તેની મદદથી પરંપરાગત કૃષિ પદ્ધતિની સરખામણીએ ઉપજના ગાળામાં 5થી 50 ટકાનો ઘટાડો કરી શકાયો હતો. આ ટેક્નોલોજી બીજા પાક ઉપર પણ લાગુ પાડી શકાય છે. ■

આ ટેક્નોલોજી કેવી રીતે કામ કરે છે? વીડિયો જોવા માટે QR કોડ સ્કેન કરો.

હવે FARMS એપની મદદથી કૃષિ ઓજારો-મશીનરી ઓનલાઈન ભાડે આપી કે લઈ શકાશે:



કૃષિ ક્ષેત્રે યાંત્રિકીકરણને પ્રોત્સાહન આપવા માટે સરકાર પ્રતિબદ્ધ છે. હવે ખેડૂતો ઓનલાઈન જ કૃષિના ઓજારો કે મશીનો ભાડે આપી કે લઈ શકે તે માટે ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા FARMS એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી છે. આ એપ્લિકેશનની મદદથી ખેડૂતો આખા દેશની ફાર્મ મશીનરી બેન્ક, હાયરિંગ સેન્ટર કે હાઈ-ટેક હબ સાથે જોડાઈ શકશે. જો ખેડૂતો પોતાની મશીનરી કે સાધનો ભાડે આપીને આવક વધારવા માંગતા હોવ અથવા તો કોઈ સાધન લેવા માંગતા હોય તો તે આ એપ મારફતે શક્ય બનશે. ખેડૂતો એપનો ઉપયોગ કરીને કૃષિના જૂના યંત્રો વેચી કે ખરીદી પણ શકશે. કૃષિ મશીનરીની કિંમત, ભાડું, સરકારની સબસિડી વગેરે તમામ માહિતી આ એપ પરથી ચેક કરી શકાશે. આ એપ અનેક સ્થાનિક ભારતીય ભાષામાં ઉપલબ્ધ છે. અત્યાર સુધીમાં પાંચ લાખથી વધુ ખેડૂતો આ એપ સાથે જોડાઈ ચૂક્યા છે. આ એપ ડાઉનલોડ કરવા માટે Google Play Store પર જઈને FARMS- Farm Machinery Solutions App અથવા તો હિન્દીમાં સર્ચ કરવાથી એપ દર્શાવશે. એપ ઈન્સ્ટોલ કરીને, ખેડૂત તરીકે રજિસ્ટર કરાવીને તમે મોબાઈલ એપનો ઉપયોગ કરી શકો છો.



ટૂંકા ગાળામાં મોટી છલાંગ લગાવવા ખેતી બેન્ક તત્પર

દેશના દરેક રાજ્યોની ખેતી બેન્કના લાઈસન્સ આપીને તેને નોર્મલ બેન્ક તરીકે સક્રિય કરવાની કવાયત કેન્દ્ર સરકાર દ્વારા ચાલુ કરવામાં આવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સહકારિતા મંત્રી અમિત શાહે ગ્રામીણ વિસ્તારની જનતાને બેન્કિંગ સરળતાથી ઉપલબ્ધ કરાવવા માટે દેશભરના રાજ્યોની ખેતી બેન્કના નેટવર્કનો લાભ લેવાનું પણ આયોજન કર્યું છે. તેની મદદથી ગ્રામીણ વિસ્તારની જનતાને અને નાના નાના કસબાઓમાં વસતા લોકોને બેન્કિંગની સુવિધા મળતી થાય તેવી પ્રધાનમંત્રી અને સહકાર મંત્રીની નેમ છે.

આજે ખેતી બેન્ક એટલે કે ધી ગુજરાત સ્ટેટ કોઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેન્ક લિમિટેડ ગુજરાતના 17 જિલ્લામાં 176થી વધુ શાખાઓ ધરાવે છે. આ ખેતી બેન્કને ડિપોઝિટ લેવાની છૂટ આપવામાં આવેલી છે. ખેતી બેન્ક છે, પરંતુ તેમાં બચત ખાતાઓ ખૂલી શકતા નથી. કરન્ટ એકાઉન્ટ ખોલી શકાતા નથી. તેથી ગુજરાત સહિત દરેક રાજ્યોની ખેતી બેન્કને બેન્કિંગનું લાઈસન્સ અપાવવાનો પ્રયાસ ચાલુ કરી દેવામાં આવ્યો છે. ગુજરાતની ખેતી બેન્ક પણ આ લાઈસન્સ મેળવવા ઉત્સુક છે. કારણ કે લાઈસન્સ મળી જતાં તે એક નોર્મલ બેન્ક તરીકે કામ કરી શકશે. કરન્ટ એકાઉન્ટ અને સેવિંગ



ડૉલર કોટેચા
ડાયનામિક ચેરમેન, ખેતી બેન્ક

> ખેતી બેન્ક પણ હવે નોર્મલ સહકારી બેન્ક તરીકે કામ કરતી સક્રિય થઈ શકે તે દિશામાં પ્રયત્નો શરૂ કરવામાં આવ્યા

એકાઉન્ટ ખોલી શકશે. ટૂંકી મુદતના એટલે કે સીઝનલ પાક લેવા માટેની ધિરાણ પણ કરી શકશે. તેમ જ કૃષિ લોનને આકર્ષક બનાવવા માટે ખેડૂતો માટે લોનના નવા નવા પ્રોડક્ટ્સ પણ લોન્ચ કરી શકશે.

ખેતી બેન્ક ટૂંકી મુદતના ધિરાણ કરી શકે તે માટે કોઓપરેટીવ સોસાયટીઝ એક્ટ 1961ની કલમ 116માં કરવાના થતાં જરૂરી સુધારા વધારા પણ કરી દેવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારે કૃષિ બેન્કોનો અભ્યાસ કરવા માટે એક કમિટીની રચના કરી દીધી છે. આ કમિટીએ દેશની દરેક ખેતી બેન્કની મુલાકાત લઈને તેનો રિપોર્ટ આપવા અભ્યાસ ચાલુ કરી દીધો છે. સરકારે નિયુક્ત કરેલી કમિટીએ ગુજરાતની ખેતી બેન્કની મુલાકાત લઈ લીધી છે. હવે ગુજરાતની ખેતી બેન્ક કમિટીનો રિપોર્ટ રજૂ થાય તેની રાહ જોઈ રહી છે. આ કમિટીના રિપોર્ટ આવી જાય તે પછી સરકાર આ બેન્કો માટે કોઈક પેકેજ અમલમાં મૂકશે.

ગુજરાતની ખેતી બેન્કના ડાયનામિક ચેરમેન ડૉલર કોટેચાએ ખેતી બેન્કને બેન્કિંગનું લાઈસન્સ મળે તે માટે કેન્દ્ર સરકારમાં રજૂઆત કરી દીધી છે. ગુજરાતની સૌથી મોટી બેન્ક તરીકે ખેતી બેન્કને પ્રસ્થાપિત કરવી તેમની ખ્વાહિશ છે.

ગુજરાતની ખેતી બેન્કના ચેરમેન ડૉલર

કોટેચા કહે છે, “ ગુજરાતની ખેતી બેન્ક સાથે સંકળાયેલા તમામ ખેડૂતોને મહત્તમ લાભ અપાવવો છે. કેન્દ્ર સરકારની સબસિડીની તમામ યોજનાઓનો લાભ ખેતી બેન્કમાંથી લોન લેનારા ખેડૂતોને મળી શકશે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતી વ્યાજ સહાયનો પણ તેમને લાભ મળતો થઈ જશે. અત્યારે ખેતી બેન્કના સભાસદોને કે તેની પાસેથી લોન લેતા ખેડૂતોને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતી વ્યાજ સહાયનો લાભ મળતો નથી.” ગુજરાતની ખેતી બેન્કના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર વી.એમ. ચૌધરી કહે છે, “આજે ખેતી બેન્કના ખેડૂતો કોઈ લોન માટે આઈ- ખેડૂત પોર્ટલ પર અરજી કરે તો તેમને સરકારની યોજનાઓનો લાભ મળતો થયો છે. ખેતી બેન્કના ખેડૂતોની અરજીઓ આઈ-ખેડૂત પોર્ટલ પર હવે અપલોડ થવા માંડી છે. આ સંજોગોમાં ખેતી બેન્કમાંથી ટપક સિંચાઈ કે ફુવારા-સ્પ્રિન્કલર સિસ્ટમથી સિંચાઈ કરવા તથા ટ્રેક્ટર્સ વગેરે હેતુ માટે લોન લેનારા ખેડૂતોને સરકારી યોજનાનો લાભ પણ મળતો થયો છે. આ સ્થિતિમાં આઈ-ખેડૂત પોર્ટલ પર ખેતી બેન્કનું નામ સમાવી લેવા માટેની માગણી કરવામાં આવી હતી. આ માગણીનો સ્વીકાર થતાં આઈ-ખેડૂત પોર્ટલમાં ખેતી બેન્કના ખેડૂતોની અરજીઓ પણ અપલોડ થશે અને તમને સરકારની સબસિડી યોજના હેઠળ મળવાપાત્ર તમામ લાભ મળતાં થયા છે. આમ ખેતી બેન્કના સભાસદો અને ખેડૂતોને તેનાથી મોટો લાભ થશે.” તદુપરાંત મધ્યમ અને લાંબી મુદતના ધિરાણ માટે ધિરાણ લેનારાઓને 5 ટકા વ્યાજ સહાય આપવાની યોજના લાવવાની દરખાસ્ત ખેતી બેન્કે સરકારશ્રી સમક્ષ મૂકી છે.

દરેક સહકારી બેન્કો પણ બિઝનેસ મેળવવા માટે એક બીજા સાથે સ્પર્ધા કરશે. આ સ્પર્ધા થતાં વ્યાજના દર નીચા જવાની પણ સંભાવના ઊભી થશે. તેથી ખેડૂતોને ઓછા દરે ધિરાણ મળી શકશે. ખેતી બેન્કને પણ તેનાથી વધારાનો લાભ મળશે. ખેતી બેન્કે કરેલા ધિરાણ પર નાબાર્ડ તરફથી રિફાઈનાન્સ મેળવી શકશે. નાબાર્ડ તરફથી રિફાઈનાન્સ મળતા ખેતી બેન્કના બિઝનેસનું એટલે કે કામકાજના ફલકનું વિસ્તરણ થશે. ખેતી બેન્કની આવકમાં અને નફામાં પણ વધારો થશે.

ખેતી બેન્કને ગુજરાત-દેશની બેસ્ટ બેન્ક બનાવવાનું ધ્યેય

ખેતી બેન્કનો નફો વધે અને તેની એનપીએ ઓછી થાય તે માટે ડૉલર કોટેચા સદાય સક્રિય રહ્યા છે. ખાનગી બેન્ક સાથે તે સ્પર્ધા કરી શકે તે માટેની તૈયારી પણ તેમણે કરવા માંડી છે.





વી.એમ. ચૌધરી
જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર, ખેતી બેન્ક

> ખેતી બેન્કને લાઈસન્સ મળતાં સેવિંગ અને કરન્ટ એકાઉન્ટ ખોલી શકશે, પાક લેવા માટે ટૂંકી મુદતના ધિરાણ ઉપરાંત ગોલ્ડ લોન પણ આપી શકશે

આ દિશામાં પહેલું પગલું છે બેન્કને કોર્પોરેટ લૂક આપવાનું. અમદાવાદની હેડ ઓફિસમાં આ કાર્ય તેમણે કરી નાખ્યું છે. હવે 17 જિલ્લાની તમામ 176 શાખાઓની ઈમારતોને આધુનિક ટચ આપવાની તેમની નેમ છે. ખેતી બેન્કની હેડ ઓફિસ અને દરેક શાખાઓને ઓનલાઈન સેવા માટે સક્રિય કરી દેવાની પ્રક્રિયાને પૂર્ણતા સુધી લઈ જવાની કામગીરી ખાસ્સી આગળ વધી ચૂકી છે. તેની પાછળનો ઈરાદો ગ્રાહકોને સારામાં સારી સુવિધા આપવાનો જ છે. 2022-23ના નાણાંકીય વર્ષમાં ખેતી બેન્કે કુલ રૂ. 106 કરોડનો નફો કર્યો છે. ચોખ્ખો નફો રૂ. 51.19 કરોડનો થયો છે. તેની સાથે જ ડિવિડંડ આપવાની પણ જાહેરાત કરી છે. વર્ષ દરમિયાન ખેતી બેન્કે રૂ. 276.63 કરોડની બાકી રકમની રિકવરી કરી છે. કુલ રિકવરી 44.97 ટકા જેટલી છે. ખેતી બેન્કના ઈતિહાસમાં પહેલીવાર નેટ એનપીએ ઝીરો થઈ છે. હવે એનપીએ ન થાય તે માટે 2018 પૂર્વેના બાકી લેણા માટે પણ વનટાઈમ સેટલમેન્ટ સ્કીમ લાવવાની તેમની ઈચ્છા છે. તેને માટેના પ્રયાસો તેમણે આરંભી દીધા છે. ગુજરાત સરકારની મંજૂરીની રાહ જોવામાં આવી રહી છે. તેમ જ રૂ. 275.53 કરોડના નવા ધિરાણ પણ કર્યા છે. નવા વર્ષમાં ધિરાણ વધારીને રૂ.500 કરોડ સુધી લઈ જવાનું ધ્યેય રાખ્યું છે. તેના ભાગ રૂપે જ યુનાઈટેડ ફોસ્ફરસ લિમિટેડ સાથે કરાર કરીને યુનિમાર્ટના ખેડૂતોને તથા ગુજરાતના

લાઈસન્સ મળી ગયા પછી ખેતી બેન્કમાંથી લોન લેનારા દરેક ખેડૂતોને કેન્દ્ર સરકારની સબસિડીની તમામ યોજનાઓનો લાભ મળી શકશે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતી વ્યાજ સહાયનો પણ તેમને લાભ મળતો થઈ જશે

ખેડૂતોને યુ.પી.એલ. મારફતે સરળતાથી ધિરાણ મળે તેવી વ્યવસ્થા પણ ઊભી કરી આપેલી છે. આ કરાર થયા હોવાથી ખેડૂતોને ઓછા વ્યાજે ધિરાણ મેળવીને ખાતર અને જંતુનાશક દવાઓ ખરીદવાનો મોકો મળશે. તેમના આર્થિક વિકાસને વેગ મળશે. ખેતી બેન્કે તેની ફિક્સ્ડ ડિપોઝિટ પણ જાળવી રાખી છે. 2022-23ના અંતે તેની ફિક્સ્ડ ડિપોઝિટ રૂ.232.86 કરોડ રહી છે. તેમ જ નાબાર્ડ પાસેથી રિફાઈનાન્સ મેળવી કામકાજનું ફલક મોટું કર્યું છે. તેથી જ સહકારી ઓડિટર દ્વારા ખેતી બેન્કને 'અ' વર્ગમાં મૂકવામાં આવેલી છે. તેની સાથે જ ધિરાણ સરળતાથી મળી રહે તે માટે ધિરાણની વિશેષ પોલીસી બનાવી છે. તેમ જ રિકવરી માટે કેસ કરવાની સત્તા પણ શાખા કક્ષાના અધિકારીઓને આપેલી છે. રિકવરીને ઝડપી બનાવવા નવા આઠ એસ.આર.ઓ.ની જગ્યાઓની મંજૂરી મેળવી નિમણૂકની પ્રક્રિયા કરવામાં આવી રહી છે. 33 જિલ્લાઓમાં 33 જગ્યા પર એસ.આર.ઓ.ની નિમણૂક કરાશે. ફિક્સ પગારથી કામ કરતાં કર્મચારીઓનો હોંસલો વધારવા તેમને કાયમી કરીને પગાર વધારી આપ્યા છે. તેમ જ તેમની પાસે કામ પણ વ્યવસ્થિત લેવા માંડ્યું છે.

બેન્કના સભાસદોને અકસ્માત વીમાનો લાભ

બેન્કમાંથી લોન લેતા ખેડૂતોને ખેતી બેન્ક પર્સનલ એક્સિડન્ટ માટે રૂ. 2 લાખનું વીમા કવચ પણ પૂરું પાડે છે. આ વીમા માટે આપવાનું થતું પ્રીમિયમ બેન્ક દ્વારા ભરવામાં આવે છે. લોન લેનાર ખાતેદાર મૃત્યુ પામે તો તેમને રૂ. 2 લાખ ચૂકવવામાં આવે છે. 2022-23ના વર્ષમાં બે લોન ખાતેદારોના પરિવારોને અકસ્માત વીમા સહાય પેટે રૂ. 4 લાખ આપવામાં આવેલા છે.

ટેકનોલોજીનો મહત્તમ લાભ લેવા દેવાની માગણી કરી

ખેતી બેન્ક તેનાથીય આગળ જવા માગે છે. ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ થાય તેવી ખેતી બેન્કના મેનેજમેન્ટની લાગણી છે. બેન્કના સો ટકા કોમ્પ્યુટરાઈઝેશન માટે કેન્દ્ર સરકાર પાસે ખેતી બેન્કે સહાયની માગણી મૂકી દીધી છે. ગુજરાતના 17 જિલ્લાની મુખ્ય શાખાઓમાં કોર બેન્કિંગ સર્વિસ મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. તેણે બેન્કની ધિરાણની પ્રવૃત્તિમાં વધારો કરવા માટે પણ મહત્વના સૂચનો કર્યા છે. ખેતી બેન્ક તમામ પ્રકારના ધિરાણની કામગીરી કરી શકે તે માટે પેટા કાયદાની કલમ 3(13) માં સુધારો કરવાની માગણી કરી છે. કલમ 36માં સુધારો કરીને બેન્કની વાર્ષિક સાધારણ સભા, વ્યવસ્થાપક મંડળના હોદ્દેદારોની બેઠક સિવાયની એટલે કે કાર્યવાહક મંડળની પેટા કમિટીઓની બેઠકમાં ઓનલાઈન હાજરી આપે તો તેને માન્ય ગણી લેવાની માગણી પણ કરી છે. તેમ જ બેન્કની શાખા સમિતિઓની બેઠક ઓનલાઈન બોલાવવાની અને તેને માન્ય રાખવાની માગણી પણ કરી છે. ડૉલર કોટેચાનું કહેવું છે, "ટેક્નોલોજીના આ યુગમાં આ માન્યતા મળવી અત્યંત જરૂરી છે."

ઉપકરણો માટે ધિરાણ

અત્યારે ખેતી બેન્ક નવા કૂવા જૂના કૂવા, ઈલેક્ટ્રિક મોટર, લિફ્ટ ઈરિગેશન, મશીનરૂમ, પાઈપલાઈન, ટ્રેક્ટર્સ સહિત ફાર્મ મિકેનિઝમાં પ્લાઉ, ટીલર, કલ્ટીવેટર, લેવલિંગ માટેનો પાવડો, થ્રેસર માટે ધિરાણ આપે છે. દાણાં છૂટા પાડવા માટેના ઓપનર માટે પણ લોન અપાય છે. ખેડૂતો સાથે મળીને ગ્રુપમાં જેસીબીની લોન પણ લઈ શકે છે. ખેતી બેન્કના અધિકારી એસ.વી. પટેલ કહે છે, "આ ધિરાણ મેળવવા માટે ખેડૂતોએ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કે જિલ્લા પંચાયતના માધ્યમથી રજૂઆત કરવી પડે છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સહિતની એજન્સીઓમાં રજૂઆત કર્યા પછી સબસિડાઈઝ લોન માટે બેન્કનું નામ ખેડૂત સૂચવે તે બેન્કમાં તેની અરજીને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ડાયવર્ટ કરી આપે છે. ત્યારબાદ તેમને ધિરાણ મળી જાય છે. 35 એચપીથી નાના ટ્રેક્ટરમાં પહેલા સબસિડી આપતા હતા. હવે 35 એચપીથી મોટા ટ્રેક્ટર પર પણ રૂ. 25000થી લઈ 40,000 સુધીની સબસિડી આપવામાં આવે છે. આ લોનને પાત્ર બનવા માટે ખેડૂતે સાતબાર અને આઠ અના ઉતારા રજૂ કરવા પડે છે." ■



ચાલો સહુ સાથે મળીને આગળ વધીએ

સહકારી ચળવળને મજબૂત બનાવી રાજકીય વિજયનો ગોઠવાતો તખ્તો

કેન્દ્ર સરકારમાં નરેન્દ્ર મોદી અને અમિત શાહની જોડીએ જમાવટ કરી છે. ગુજરાત સ્ટેટ કોઓપરેટીવ બેન્કન ચેરમેન અજય પટેલ સહકારથી સમૃદ્ધિ સુધીની સફરને આગળ વધારવામાં કેન્દ્રના પ્રયાસને સાકાર કરવામાં એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. ખેતી બેન્કના ચેરમેન ડૉલર કોટેચા પણ આ મુદ્દે પારોઠનાં પગલાં ભરે તેવા નથી. તેમણે પણ પૂરી તાકાત લાગવીને નરેન્દ્ર મોદી અને અમિત શાહના સહકારી ક્ષેત્ર માટેના સપનાંને વાસ્તવમાં પલટવા માટે તો ગુજરાત ભાજપના પ્રાદેશિક વડા સી.આર. પાટિલ અને સહકાર સેલના ચેરમેન બિપીન પટેલ (ગોતા) પણ તેમની પૂરી તાકાતને કામે લગાવી રહ્યા છે. ગુજરાતને દેશભરને માટે સહકારી ક્ષેત્રનું મોડેલ સ્ટેટ બનાવવું છે. ગુજરાતના ગામે ગામના લોકોને સહકારી પ્રવૃત્તિનો લાભ મળે અને સહકારથી સમૃદ્ધિ સુધીની સફર પૂરી કરે તેવી નેમ સાથે તેઓ ગુજરાતના સહકારી ક્ષેત્ર પર ભાજપનું વર્ચસ્વ વધારી રહ્યા છે. ખેડા જિલ્લા સહકારી બેન્કના ચેરમેન તેજસ પટેલ પણ સહકારી ચળવળને સંગીન બનાવવા સંપૂર્ણ તાકાત લગાવી રહ્યા છે. ગુજરાત સ્ટેટ કોઓપરેટીવ બેન્કના ચેરમેન અજય પટેલ કહે છે કે, “ટૂંક સમયમાં સહકારી સંસ્થાઓ એકજૂટ થઈને માત્ર એક બીજાના ઉદ્ધાર માટે જ કામ કરે તે માટેની યોજનાનો દેશવ્યાપી અમલ કરી દેવાની જાહેરાત કરી દેવામાં આવશે. તેનાથી સહકારી ક્ષેત્રમાં બહુ જ મોટો બદલાવ આવશે.”

કેન્દ્રના સહકારિતા મંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે ‘કોઓપરેશન એમોન્ગ્સ્ટ કોઓપરેટીવ’ એટલે કે ‘દરેક સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર’ના સાધવો જરૂરી છે. આ પ્રોજેક્ટના ભાગ રૂપે સહકારી સોસાયટી અને સંસ્થાઓના જુદી જુદી બેન્કોમાંના તમામ એટલેકે અંદાજે 5 લાખ એકાઉન્ટ્સ જિલ્લા સહકારી બેન્કમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. દૂધ સહકારી મંડળીઓમાં દૂધ ભરવાને કારણે તમને અઠવાડિયે મળતાં પેમેન્ટના નાણાં જિલ્લા સહકારી બેન્કોના ખાતાઓમાં જ જમા થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. તેની સાથે જ દૂધ સહકારી મંડળીઓને બેન્કિંગ કોરોસ્પોન્ડ-બેન્ક મિત્ર બનાવી દેવામાં આવી છે. આમ દૂધ સહકારી મંડળીમાં દૂધ ભર્યા પછી મળતાં દૂધના નાણાં બેન્કમાં જમા થાય એટલે દૂધ સહકારી મંડળીઓને આપેલા માઈક્રો એટીએમમાં કાર્ડ સ્વાઈપ કરીને પૈસાનો ઉપાડી કરી શકાય તેવી વ્યવસ્થા કરી દેવામાં આવી છે. તેમાંથી બચત ખાતામાં રહી જતાં નાણાં બેન્કની લૉ કોસ્ટ ડિપોઝીટ ગણાય છે. ખેતી બેન્કના મેનેજિંગ ડિરેક્ટર કીર્તિકુમાર ઉપાધ્યાય કહે છે, “લૉ કોસ્ટ ડિપોઝિટ્સ જ સહકારી બેન્કોની અને તેના માધ્યમથી સમગ્ર સહકારી ક્ષેત્રની સદ્ધરતા વધારી શકશે.” હવે દૂધ મંડળીના સભાસદોને જિલ્લા બેન્કોએ ડેબિટ કાર્ડ ઉપરાંત ક્રેડિટ કાર્ડ આપવાનું પણ ચાલુ કરી દીધું છે. તેથી અઠવાડિયામાં વચ્ચે ક્યારેય નાણાંની તાકીદની જરૂર પડે તો તેવા સંજોગોમાં ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને નાણાં ઉપાડી શકે છે. ક્રેડિટ કાર્ડના નાણાંના ઉપાડની રકમ તેમની દૂધ ભરવા માટે શનિવારે મળનારી રકમ સામે એડજસ્ટ કરી લેવામાં આવે છે. તેથી તેમણે ખાનગી બેન્કોના ક્રેડિટ કાર્ડ પર ઉપાડેલા નાણાં પર 30 ટકાના દરે વ્યાજ ચૂકવવાનું આર્થિક ભારણ પણ ઓછું થઈ ગયું છે. તેમ જ તેમને 30 ટકાને બદલે માત્ર બે ટકા જ વ્યાજ ચૂકવવું પડી રહ્યું છે અમિત શાહ કહે છે, “દેશભરની તમામ સહકારી સંસ્થાઓ એક બીજાના સહકારમાં કામ કરે તો પેક્સથી માંડીને એપેક્સ સુધી એક બીજાને સાથ આપે



> ગુજરાત જ નહિ, દેશની તમામ સહકારી સંસ્થાના દરેક વહેવારો જિલ્લા ને શહેરી સહકારી બેન્કો મારફતે કરાવી સહકારી ક્ષેત્રને સમૃદ્ધ બનાવવાની કવાયત ચાલુ
>
> બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં શરૂ કરાયેલા પાયલોટ પ્રોજેક્ટનો સમગ્ર ગુજરાતમાં અને દેશમાં અમલ કરાવવાની જાહેરાત સહકારિતા મંત્રી અમિત શાહ આગામી મહિનામાં કરાવશેઃ અજય પટેલ



તો સહકાર વિભાગે કોઈને માટે નાણાં આપવાની જરૂર જ ઊભી થશે નહિ.”

કેન્દ્રના બે મોભી નરેન્દ્ર મોદી અને અમિત શાહના પ્રસ્તુત આયોજનને વધુમાં વધુ સફળતા અપાવવાનું કામ ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલ અને સહકાર સેલના વડા બિપીન પટેલ કરશે. વાસ્તવમાં તેનાથી માત્ર ગુજરાત જ નહિ દેશભરના સહકાર ક્ષેત્રની સિકલ બદલાઈ જશે. બિપીન પટેલ કહે છે, “આગામી મહિનામાં કેન્દ્રના સહકારીતા મંત્રી અમિત શાહ આ આયોજનના અમલીકરણનો સમગ્ર ગુજરાતથી આરંભ કરાવશે. આરંભમાં તેનું અમલીકરણ સમજાવટથી કરવામાં આવશે. ત્યારબાદ તેના ફાયદા દેખાતા દરેક સહકારી સંસ્થાઓ અને તેના સભાસદો આપોઆપ જ તેની તરફ ખેંચાઈ આવશે.”

સીઆર પાટિલના નેતૃત્વમાં સહકારી ક્ષેત્ર પર ભાજપની મજબૂત પકડઃ સહકાર સેલના વડા બિપીન પટેલે સહકારી સંસ્થાઓની ચૂંટણીમાં ભાજપની પેનલોને વિજયી બનાવવામાં મહત્વની કામગીરી કરી

પરિણામે સહકારી બેન્કોના ખાતેદારોની સંખ્યા અને થાપણો વધશે. કેન્દ્ર સરકાર તરફથી ખેડૂતોને આપવામાં આવતી સહાયના નાણાં સહકારી બેન્કોમાં જ જમા થશે. કેન્દ્રની સહાયના તમામ નાણાંનો એક સામટો ઉપાડ થશે નહિ. તેમાંથી ખાસ્સા પૈસા સેવિંગ બેન્કમાં પડ્યા રહેવાની સંભાવના છે. તેના પર સાડા ત્રણ ટકાની આસપાસનું વ્યાજ ચૂકવવાનું આવશે. આમ સહકારી બેન્કો પાસે ઓછા વ્યાજદર વાળી મૂડીમાં વધારો થશે. પરંતુ તેની સામે તે જ રકમની સાતથી આઠ ટકા કે દસ ટકા વ્યાજે ધિરાણ કરીને સહકારી બેન્કો તેમની આવક વધારી શકશે. તેમ જ તેમનો નફો પણ વધતા તેમની આર્થિક સદ્ધરતામાં વધારો થશે. સહકારી બેન્કો વધુને વધુ ક્ષેત્રના જરૂરિયાત મંદોને, નાના ઉદ્યોગ સાહસિકોને આર્થિક ધિરાણ આપતી થશે. નાના અને મધ્યમ ઉદ્યોગને આર્થિક સહાય મેળવવાના બહુ જ ફાંફા હોવાથી તેના પ્રમોટરોએ તેમના સગાંવહાલા પાસેથી પૈસા લઈને ધંધો ચાલુ કરવો પડી રહ્યો છે. નાના ઔદ્યોગિક એકમોને સરળતાથી આર્થિક ધિરાણ અપાવવા કેન્દ્ર સરકાર તરફથી સતત પ્રયાસો કરવામાં આવ્યા હોવા છતાં જાહેર ક્ષેત્રની કે ખાનગી સેક્ટરની બેન્કો તે માટે ઓછી ઉત્સુક છે. તેથી તેમને નાણાંકીય ખેંચ વચ્ચે રહેવું પડે છે. પરિણામે તેમના નાના સરખા ઉદ્યોગના વિકાસની ગતિ મંદ પડી જાય છે.


આમ સહકારી બેન્કોની આર્થિક સદ્ધરતા વધતા કૃષિ સહકારી મંડળીઓ, દૂધ સહકારી મંડળીઓ, હાઉસિંગ મંડળીઓ સહિત તમામના કામકાજ સરળતાથી થશે. સહકારી બેન્કો સાથી હાથ બઢાનાની માનસિકતાથી એટલે કે કોઈકને હાથનો ટેકો આપીને ઉપર ઊઠાવવાની કોશિશ કરવાની નીતિને અનુસરે છે. સહકારી બેન્કો પાસે અત્યારે સીમિત મૂડી હોવાથી તેઓ આ કામગીરી મર્યાદિત ધોરણે કરી શકશે. પરંતુ ઉપરોક્ત આયોજનના અમલ પછી તેમની પાસે ધિરાણ આપવા પાત્ર ફંડ વધી જતાં તેઓ ધિરાણ કરવાની ક્ષમતા વધશે. નાના ખેડૂતો, સીમાંત ખેડૂત અને અંતરિયાળ વિસ્તારમાં વસતા લોકોને ધિરાણ મળવાનો માર્ગ ખૂલી જશે.

ગ્રામીણ જનતા આ વ્યવસ્થાથી શાહુકારોની ચુંગાલમાંથી પણ બચી જશે. આજે શાહુકારો ચોવીસ કે ત્રીસ અથવા કેટલાક કિસ્સાઓમાં તેનાથીય વધુ વ્યાજ લઈને નાના અને સીમાંત ખેડૂતોનું શોષણ કરે છે. નવી વ્યવસ્થા ગ્રામીણ જનતાને શાહુકારોની ચુંગાલમાંથી મુક્ત કરાવશે. ગ્રામીણ વિસ્તારમાં ગેરેન્ટી વિના ધિરાણ આપનારી સંસ્થાઓ તો વાર્ષિક 36 ટકા વ્યાજ લેતી હોવાની ઘટનાઓ બનતી જોવા મળે છે. આ શાહુકારો કે ખાનગી સંસ્થાઓ પાસેથી ધિરાણ લઈને જીવનભર શોષણનો ભોગ બનતા નાના અને સીમાંત ખેડૂતોને તેમાંથી મુક્તિ અપાવવાનો આ એક માસ્ટર પ્લાન જ છે.

સહકારી બેન્કોની આર્થિક સંગીનતા વધવાની સાથે સાથે જ દરેક નાના ખાતેદારને બેન્કિંગની સુવિધા મળે તે માટે દરેક સહકારી સંસ્થાઓમાં બેન્કિંગ કોરોસ્પોન્ડન્ટ મૂકીને કે પછી નેટ બેન્કિંગની સુવિધા પૂરી પાડીને છેવાડાના ગામ સુધી બેન્કિંગની સુવિધા પૂરી પાડવાની પ્રક્રિયા ચાલુ કરી દેવાઈ છે. સહકારી બેન્કો સદ્ધર બને તેની સાથે તેને ચલાનારાઓ પણ વધુ ક્વોલિફાઈડ સ્ટાફ મળે તે માટેના પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે.



અજય પટેલ
ચેરમેન, ગુજરાત સ્ટેટ કોઓપરેટિવ બેન્ક





બિપીન પટેલ (ગોતા), ચેરમેન
સહકાર સેલ ગુજરાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી માને છે કે સહકારી મંડળીઓ દેશના ઘણાં વિસ્તારના નાના ખેડૂતો માટે એક મોટી સપોર્ટ સિસ્ટમ બની ગઈ છે. આ સપોર્ટ સિસ્ટમને વધુ સંગીન બનાવવાના દરેક પ્રયાસો થઈ રહ્યા છે. દૂધ મંડળીઓના વિકાસ સાથે 60 ટકા મહિલાઓને મોટો ફાયદો મળ્યો છે.

સહકારી ક્ષેત્રની સંગીનતાનો રાજકીય લાભ પણ મળશે તેવો ભાજપને વિશ્વાસ છે. ગુજરાત ભાજપના પ્રમુખ સી.આર. પાટિલે સહકારી ક્ષેત્રની તમામ ચૂંટણીઓ વિધાનસભાની ચૂંટણીઓની માફક જ થાય તેવું આયોજન અમલમાં મૂક્યું હતું. પારદર્શકતા લાવીને તેમને ચૂંટણીઓ કરાવીને સહકારી સંસ્થાઓની મોટાભાગની ચૂંટણીઓમાં ભાજપને વિજય અપાવ્યો છે. આ બિપીન પટેલ અને સી.આર. પાટીલની મોટી સફળતા છે. સી.આર. પાટીલ અને બિપીન પટેલના સહિયારા પ્રયાસને પરિણામે જ ગુજરાતમાં 100માથી 92થી 95 ટકા સંસ્થાઓ પર ભાજપનું વર્ચસ્વ સ્થપાઈ ચૂક્યું છે. દરેક સહકારી સંસ્થાઓ અને મંડળીઓને કેન્દ્ર તરફથી મળતા લાભ પહોંચે તે માટેના પ્રયાસ કર્યા છે.

સી.આર. પાટિલ અને બિપીન પટેલે મળીને ખોટમાં જતી ખાંડ મંડળીઓને ગુજરાત સરકારના બજેટમાંથી આર્થિક સહાય અપાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ જ રીતે પશુપાલન માટે 2022-23ના ગુજરાતના બજેટમાં વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. અમિત શાહે ગોદામો માટે રૂ. 2600 કરોડની સબસિડી આપવાની કેન્દ્ર સરકાર તરફથી ખાસ યોજના જાહેર કરવામાં આવી. આ સાથે જ દેશના દરેક અંતરિયાળ વિસ્તારોમાં માઈક્રો એટીએમ બેસાડવાનું આયોજન કર્યું છે. આ યોજનાનો મહત્તમ લાભ ગુજરાતના ખેડૂતોને મળે તે માટે પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

ખેડૂતોની આવક બમણી કરવાના આયોજનના ભાગ રૂપે ડાંગર, જુવાર, બાજર,રાગી, મકાઈ, તુવેર, મગ, અડદ, મગફલી, સુરજમુખીના બીજ, સોયાબિન, તલ, કપાસ (મિડિયમ અને લોન્ગ સ્ટેપલના) ટેકાના ભાવમાં 5 ટકાથી માંડીને 10.35 ટકા સુધીનો વધારો કરી આપવાની કામગીરી કરી છે.

આમ તેઓ સબકા પ્રયાસ, સબકા વિકાસનું સૂત્ર આ જ રીતે સાકાર કરવાની કોશિશ કરી રહ્યા છે. તેના થકી જ વિકસિત અને આત્મનિર્ભર ભારતનું શમણું પણ સાકાર થશે.

આઝાદીના 75થી 100 વર્ષનો ગાળો દેશના વિકાસ માટે કરેલા સંકલ્પનો સાક્ષાત્કાર કરાવવાનો ગાળો છે. લક્ષ્ય નક્કી કરવા માટે દૂરંદેશી જરૂરી છે. તેને સાકાર કરવાનો હોંસલો હોવો તે પણ એટલો જ જરૂરી છે. કેન્દ્રની ભાજપ સરકાર અને ગુજરાતની સરકારનો હોંસલો બુલંદ છે તેમાં કોઈ જ બેમત નથી. તદુપરાંત વિશ્વની સૌથી મોટી ભંડોળ યોજના પેક્સના માધ્યમથી લાવવામાં આવી રહી છે. ખેડૂતનું અનાજ તેના ગામથી બહાર જ ન જાય તેવું આયોજન કરી રહ્યા છે. ■

> સહકારી સંસ્થાઓના લાખો ખાતાં પંચમહાલ-બનાસકાંઠાની જિલ્લા સહકારી બેન્કોમાં ટ્રાન્સફર કરાતા ડિસ્ટ્રીક્ટ બેન્કોની થાપણોમાં 2000 કરોડનો વધારો થયો
>
> દેશની દરેક સહકારી સંસ્થાઓ માટે મોડેલ બાયલોઝ તૈયાર કરાવડાવીને રાજ્ય સરકારોને પાઠવી દેવાયા છે, તેનો અમલ રાજ્ય સરકાર અને સહકાર સેલના માધ્યમથી કરાવવામાં આવશે
>
> સહકારી બેન્કો પાસે ઓછા વ્યાજદર વાળી મૂડીમાં વધારો થશે અને તે જ રકમ આઠથી દસ ટકા વ્યાજે ધિરાણ કરીને સહકારી બેન્કો તેમની આવક-નફો વધારી શકશે.



કીર્તિકુમાર ઉપાધ્યાય
મેનેજિંગ ડિરેક્ટર, ખેતી બેન્ક



ઊંચા વીજદરથી કોલ્ડસ્ટોરેજમાં માલ મૂકતા ખેડૂતોની આવકને ફટકો

ગુજરાતના કોલ્ડ સ્ટોરેજના વીજ બિલના ઊંચા આવતા હોવાથી ખેડૂતોને કોલ્ડસ્ટોરેજમાં માલ મૂકવો મોંઘો પડી રહ્યો છે. કોલ્ડસ્ટોરેજમાં માલ મૂકવા જાય અને છથી આઠ મહિના સુધી તે માલ મૂકી રાખવામાં આવે તો ખેડૂતોનું કિલોદીઠ મળતર ઘટી જાય છે. એક કિલો બટાકા મૂકવાનો ખર્ચ અંદાજે બેથી અઢી રૂપિયા વધી જાય છે. પરિણામે બજાર સુધરે ત્યારે સારા ભાવે માલ વેચવાની આશા સાથે કોલ્ડસ્ટોરેજમાં માલ મૂકનારા ખેડૂતોને સારી આવક કરવાને બદલે ઓછી આવક થાય છે. પરિણામે કોલ્ડસ્ટોરેજમાં માલ મૂકવાના ઊંચા ખર્ચબોજથી ખેડૂતો થથરી રહ્યા છે.

બાગાયતી પાક અને શાકભાજીના પાકમાંથી સરેરાશ 30 ટકાથી વધુનો થતો બગાડ રોકવા માટે કોલ્ડ સ્ટોરેજનો કોન્સેપ્ટ અસ્તિત્વમાં તો આવ્યો પરંતુ વીજપુરવઠાના યુનિટદીઠ દર વધી જતાં ખેડૂતોને કોલ્ડ સ્ટોરેજમાં માલ મૂકવો મોંઘો પડી રહ્યો છે

ખેડૂતોની જેમ જ કોલ્ડસ્ટોરેજના માલિકો પણ વીજળીના ઊંચા દામને કારણે આંચકા અનુભવી રહ્યા છે. ગુજરાતમાં 700 જેટલા કોલ્ડ સ્ટોરેજ છે. અત્યારે તેમાં બટાકા અને સફરજનનું ખાસ્સું સ્ટોરેજ થાય છે.આ 700 કોલ્ડ સ્ટોરેજમાં મસાલાનો વેપાર કરનારાઓ પણ તેમનો માલ મૂકે છે. ગુજરાત અને અમદાવાદમાં 2 લાખથી વધુ પેટી સફરજન કોલ્ડ સ્ટોરેજમાં સંગ્રહી રાખવામાં આવે છે. સફરજન 5થી 6 માસ અને સફરજન 8થી 10 મહિના સુધી સાચવી શકાય છે. હવે તો કીવી ફ્રુટને પણ કોલ્ડ સ્ટોરેજમાં સાચવવાની શરૂઆત કરી દેવામાં આવી છે.

બટેકાનો કોલ્ડસ્ટોરેજમાં સંગ્રહ કરવો કઠિન

ગુજરાતના ડિશામાં ખાસ કરીને બટેટાના પાકને સાચવવા માટે 202 કોલ્ડ સ્ટોરેજ છે. સમગ્ર ગુજરાત અને ભારતના જુદાં જુદાં વિસ્તારોમાં બટાકાનો સપ્લાય ત્યાંથી થાય છે. સાબરકાંઠામાં પણ વેફરના બટાકા સાચવવા માટેના કોલ્ડ સ્ટોરેજ ચાલી રહ્યા છે. દહેગામમાં, ગાંધીનગર અને વિજાપુરમાં પણ ખાસ્સા કોલ્ડ સ્ટોરેજ છે. જોકે દરેક શાકભાજીને સાચવવા અલગ અલગ ટેમ્પરેચરની જરૂર પડે છે. તેથી શાકભાજીનો સાચવવા માટેનો કોલ્ડ સ્ટોરેજ નથી. અમદાવાદ કૃષિ ઉત્પન્ન બજાર (એપીએમસી)ના સેક્રેટરી દીપક પટેલ કહે છે, “કોલ્ડ સ્ટોરેજમાં શાકભાજી રાખવામાં આવ્યા બાદ તેને બહાર કાઢવામાં આવે તો તેની લાઈફ ત્રણથી ચાર કલાકથી વધુ રહેતી નથી. કોલ્ડ સ્ટોરેજથી માર્કેટ પહોંચાડે તે પહેલા તેના ખરાબ થવાની પ્રક્રિયા ચાલુ થઈ જાય છે. તેથી તેનો ઝડપથી વપરાશ કરી દેવાની ફરજ પડે છે. પરિણામે શાકભાજી કોલ્ડ સ્ટોરેજમાં મૂકવાનું વધુ લોકો પસંદ કરતાં નથી. વિદેશમાં ફ્રોઝન ફૂડ ખાવાનું ચલણ વધુ છે. તેઓ શાકભાજી કાપીને રેડી ટુ કૂક પોઝિશનમાં ફ્રોજન વેજિટેબલ તરીકે તૈયાર રાખે છે. જરૂર પડે ત્યારે ગરમ પાણીમાં નાખી તેમાંથી શાક બનાવી દે છે. ભારતમાં ફ્રોઝન વેજિટેબલનું ચલણ વિદેશની તુલનાએ બહુ જ ઓછું છે. તેથી શાકભાજીના સંગ્રહ માટે કોલ્ડ સ્ટોરેજનો ખાસ ઉપયોગ થતો નથી.”

ઊંચા વીજબિલથી કોલ્ડસ્ટોરેજ માલિકો પણ મુશ્કેલીમાં

ગુજરાતમાં મોટા કોલ્ડ સ્ટોરેજની સરેરાશ સ્ટોરેજ કેપેસિટી 7000થી 10000 ટનની છે. બાકીના કોલ્ડ સ્ટોરેજ ઓછી કેપિસિટીના છે. જો કે હવે તેમાંથી 60થી 70 જેટલા કોલ્ડ સ્ટોરેજ આર્થિક ભીંસને કારણે વેચવા કાઢ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. કોલ્ડ સ્ટોરેજનો મોટો ખર્ચો માત્ર ને માત્ર વીજળીના બિલનો જ છે. વીજબિલના ખર્ચના પ્રમાણમાં આવક ન થતી હોવાથી કોલ્ડ સ્ટોરેજના માલિકો બેન્કની લોનના નાણાં ભરી શકતા નથી. તેથી તેમણે આ ધંધામાંથી નીકળી જવાનો નિર્ણય કરવો પડ્યો છે. બાકીનામાંથી 15થી 20 જેટલા કોલ્ડ સ્ટોરેજના માલિકોની આર્થિક હાલત ખરાબ છે. અમદાવાદમાં કોલ્ડ સ્ટોરેજ ચલાવતા આશિષ ગુરુ કહે છે, “વીજળીના ઊંચા દરને કારણે ગુજરાતના કોલ્ડ સ્ટોરેજ માલિકોની હાલત કફોડી થઈ છે.”

કોલ્ડસ્ટોરેજને અપાતા વીજ પુરવઠાનો દર ખેડૂતોને અપાતા વીજ પુરવઠાની દર પ્રમાણે યુનિટદીઠ 80 પૈસાની સપાટીએ લઈ જવા જરૂરીઃ કોલ્ડસ્ટોરેજના માલિકોએ વીજળીના યુનિટદીઠ રૂ. 8 ચૂકવવા પડતા હોવાથી ગુજરાતમાં કોલ્ડસ્ટોરેજ ચાલુ રાખવા કઠિન

વીજ નિયમન પંચમાં રજૂઆત

હા, આ જ વાતને લઈને ગુજરાતના કોલ્ડ સ્ટોરેજ માલિકોના એસોસિયેશનને ગુજરાત વીજ નિયમન પંચમાં ધા નાખી છે. ગુજરાત સરકારની ચારેય વીજ વિતરણ કંપનીઓને તેમાં પક્ષકાર બનાવવામાં આવી છે. તેમને આપવામાં આવતો વીજ પુરવઠાનો દર ખેડૂતોને આપવામાં આવતા વીજ પુરવઠાની સપાટીએ લઈ જવાની માગણી કરી છે. આશિષ ગુરુ કહે છે, "ગુજરાતના ખેડૂતોને યુનિટદીઠ વીજળી 80 પૈસાના દરે આપવામાં આવે છે. તેની સામે ખેડૂતોની ઉપજ સાચવતા કોલ્ડસ્ટોરજો પાસેથી વીજળીના યુનિટદીઠ સરેરાશ રૂ. 8 લેવામાં આવી રહ્યા છે. કોલ્ડ સ્ટોરેજને વીજદરમાં રાહત નહિ આપવામાં આવે તો તેમનું અસ્તિત્વ ટકાવવું કઠિન બનશે. ખેડૂતો માટે લાંબા ગાળા સુધી કૃષિ ઉપજનો સંગ્રહ કરી રાખવો મુશ્કેલ બનશે." મહારાષ્ટ્ર, ગોવા, હરિયાણા અને મધ્ય પ્રદેશની સરકારે કોમર્શિયલ કન્ઝ્યુમર્સ કરતાં ઓછા દરે કોલ્ડ સ્ટોરેજ માલિકોને વીજ પુરવઠો આપવાનું નક્કી કર્યું હોવાથી તેમને ખાસ્સી રાહત મળી છે. મહારાષ્ટ્રમાં રૂ. 5.11ના નોર્મલ રેટ સામે કોલ્ડ સ્ટોરેજને યુનિટદીઠ રૂ. 3.29ના ભાવે વીજપુરવઠો અપાય છે. ગોવામાં આ ભાવ યુનિટદીઠ રૂ. 3.25નો છે. ઓરિસ્સામાં કોલ્ડ સ્ટોરેજને રૂ. 4.10ના ભાવે વીજળી આપવામાં આવે છે. હરિયાણામાં પણ કોમર્શિયલ વીજજોડાણ ધારકો કરતાં યુનિટે બે રૂપિયા ઓછા ચાર્જ લે છે. ગુજરાતમાં કોલ્ડ સ્ટોરેજને ટકાવવા માટે પ્રોત્સાહન ન આપતી હોવાથી કોલ્ડ સ્ટોરેજ માલિકોએ વીજદરમાં ઘટાડો કરી આપવાની માગણી સાથે ગુજરાત વીજ નિયમન પંચમાં ધા નાખવાનો નિર્ણય કર્યો છે.

નજીવું ભાડું, ઊંચો ખર્ચ

ગુજરાતના કોલ્ડ સ્ટોરેજના માલિકોના એસોસિયેશનોએ તેમના અસ્તિત્વ માટેની લડાઈ લડવા ગુજરાત વીજ નિયમન પંચનો સંપર્ક કર્યો છે. તેમની એવી દલીલ છે કે કોલ્ડ



આશિષ ગુરુ
કોલ્ડસ્ટોરેજ માલિક

સ્ટોરેજ માલિકો કોઈ ઔદ્યોગિક પ્રક્રિયા કરતાં નથી. તેમાં એક પ્રોડક્ટમાંથી બીજું પ્રોડક્ટ બનતું નથી. કોલ્ડ સ્ટોરેજમાં આવે છે તે જ સ્થિતિમાં તે બહાર જાય છે અને ગ્રાહકોના હાથમાં પણ તે જ સ્વરૂપમાં જાય છે. તેથી તે ઉદ્યોગ જેવું કામ કરતો નથી. તેથી તેમને ઉદ્યોગની જેમ ઊંચા દરે વીજળી આપવી ન જોઈએ. તેમણએ તો પ્રોડક્ટ્સને સાચવીને તેના યથાવત સ્વરૂપમાં પરત કરવાની કામગીરી જ કરવાની છે. આ પ્રોસેસ દરમિયાન તેમણે જુદાં જુદાં ગેસનો પણ ઉપયોગ કરવો પડે છે. આ ગેસની મદદથી જ ફળ અને શાકભાજીને કોલ્ડ સ્ટોરેજનું એટમોસ્ફિયર યોગ્ય રીતે જાળવી કે સાચવી રાખવામાં સફળતા મળે છે. આ ફળની 18થી 22 કિલોની પેટી સાચવવા માટે તેમને મહિને રૂ. 15નું ભાડું મળે છે. છથી આઠ મહિના સુધી પ્રોડક્ટ સાચવ્યા પછી તેમને માંડ પેટીએ રૂ. 90થી 120 મળે છે. કોલ્ડ સ્ટોરેજ ચલાવવા માટે થતો ખર્ચ તેની સરેરાશ આવકના 25 ટકાથી વધારે છે. તેમાં ઈન્સ્યુલેટર નબળા પડતા અને તેની મશીનરીને ઘસારો લાગતા આ કોસ્ટ વધીને 40 ટકા સુધી પણ જાય છે.

સૌર ઉર્જાનો વિકલ્પ છે, પણ...

વીજબિલના ભારણથી બચવા માટે સોલાર પાવરનો ઉપયોગ કરીને કોલ્ડ સ્ટોરેજ ચલાવવામાં આવી રહ્યા છે. તેમાં કોલ્ડ સ્ટોરેજના માલિકોએ કોન્ટ્રાક્ટ ડિમાન્ડના 50 ટકા જેટલી સૌર ઉર્જાથી વીજળી પેદા કરીને કામ ચલાવ્યું છે. ગુજરાતમાં 110ની આસપાસ કોલ્ડ સ્ટોરેજે સોલાર સબસિડીની જૂની સ્કીમ હેઠળ જરૂરિયાતના 50 ટકા વીજળી સૌર ઉર્જાથી પેદા કરવાની સ્કીમનો લાભ લીધો છે. તેથી કેટલાક ટકી રહ્યા છે. પરંતુ બધાં માટે તે શક્ય ન બન્યું હોવાથી તેઓ સંઘર્ષ કરી રહ્યા છે. કોલ્ડ સ્ટોરેજ ચલાવનારાઓને સરકાર તરફથી રૂ. 2 કરોડની સબસિડી મળે જ છે. પરંતુ આ સબસિડી મેળવવાની લ્હાયમાં ઘણાં બિનઅનુભવીઓ કોલ્ડ સ્ટોરેજ બનાવીને બેસી જાય છે. પરંતુ તેઓ તેને વ્યવસ્થિત ચલાવી શકતા નથી. છેવટે તેમને આ બિઝનેસમાં નિષ્ફળતાનો સામનો કરવો પડે છે. ■

કોલ્ડ સ્ટોરેજ શા માટે જરૂરી?

કોલ્ડ સ્ટોરેજનો આરંભ શા માટે થયો હતો તમને ખબર છે? બાગાયતી પાક, શાકભાજી સહિતના અનાજ કરિયાણાનો બગાડ થતો અટકાવવા માટે કોલ્ડ સ્ટોરેજની ચેઈન ઊભી કરવાનો કોન્સેપ્ટ ત્રણ-ચાર દાયકાથી વધુ સમય પહેલાથી ભારતમાં અસ્તિત્વમાં આવ્યો હતો. યુનાઈટેડ નેશનના ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશનના અહેવાલ મુજબ દુનિયાનો કોઈપણ દેશ લો, તેમાં પેદા થતાં ફળ અને શાકભાજીના કુલ જથ્થામાંથી 30 ટકા જથ્થાથી વધુ છેલ્લા વપરાશકાર પાસે પહોંચે તે પહેલા જ સડીને ખતમ થઈ જાય છે. પાક લીધા પછી કોલ્ડ સ્ટોરેજમાં તેનો સંગ્રહ કરવાની યોગ્ય વ્યવસ્થાને અભાવે આ બગાડ થઈ રહ્યો હોવાનું તારણ યુનાઈટેડ નેશનના ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશને કાઢ્યું હતું. આ સ્થિતિમાં કોલ્ડ સ્ટોરેજની ચેઈન ખેડૂતોના ખેતરથી વપરાશકારના ઘર સુધીની સફરમાં ફળફળાદિ અને શાકભાજીને સાચવવાનું અને સડી જતાં અટકાવવાનું કામ કરે છે. બીજીતરફ દેશમાં સેંકડો લોકો અપૂરતા પોષણનો શિકાર બની રહ્યા છે. તેમને પોષક આહાર પહોંચાડવા સરકાર જફા કરી રહી છે. આ સંજોગોમાં બગાડ અટકે તો ઘણાંને વધારાનો આહાર અને તેના થકી પોષણ મળી શકે છે. તેથી જ સરકાર પણ ઈચ્છે છે કે દેશમાં અને દરેક રાજ્યોમાં કોલ્ડ સ્ટોરેજની ચેઈન વિકસવી જ જોઈએ.

ખેતી બેંક



ખેતી બેન્કે 2022-23 દરમિયાન મેળવેલી સિદ્ધિઓ

1. બેન્કના ઇતિહાસમાં સૌ પ્રથમ વખત રૂ. 100 કરોડનો ગ્રોસ નફો કર્યો.
2. બેન્કના ઇતિહાસમાં સૌ પ્રથમ વખત રૂ. 51.19 કરોડનો ચોખ્ખો નફો કર્યો.
3. બેન્કના ઇતિહાસમાં સૌ પ્રથમ વખત તમામ શાખાઓએ નફો કર્યો છે.
4. દેશની તમામ ખેતી બેન્કોમાં ગુજરાતની ખેતી બેન્કે સૌ પ્રથમ ઝીરો એન.પી.એ. વાળી બેન્ક તરીકેની સિદ્ધિ મેળવી.
5. દેશના યશસ્વી વડા પ્રધાન માનનીય શ્રી. નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસે બેન્કના હયાત ચાલુ લોન ખાતેદારો માટે રૂ. 2 લાખની અકસ્માત સહાય વીમા પોલીસી મેળવવામાં આવી.
6. બેન્કના તમામ સભાસદો માટે આઝાદીના 75 વર્ષના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે 2021-22માં 20 ટકા ડિવિડંડ આપવાની જાહેરાત કરનાર સૌ પ્રથમ બેન્ક.
7. વર્ષ 2021-22માં કેન્દ્ર સરકારની સુકન્યા સમૃદ્ધિ યોજનામાં બેન્કે 10,000 દીકરીઓ માટે સદર યોજનામાં ખાતાં ખોલાવી તેમના ભવિષ્યને સુરક્ષિત કરવા તેમ જ બચત માટે પ્રેરિત કર્યા છે.
8. રાજ્ય સરકારશ્રીએ મંજૂર કરેલી સેટલમેન્ટ યોજનાનો 2954 ખેડૂત ખાતેદારોએ લાભ લીધો છે, તેમાં બેન્કે રૂ. 35.63 કરોડ જેટલી રકમ માફ કરીને ખેતી બેન્કના ખેડૂતોને દેવા મુક્તિમાં આર્થિક લાભ આપ્યો છે.
9. સતત બીજા વર્ષે પહેલી એપ્રિલે દૈનિક પત્ર તેમ જ સોશિયલ મિડીયા મારફતે નાણાંકીય હિસાબો રજૂ કરતી દેશની પ્રથમ અને એક માત્ર બેન્ક તરીકેની સિદ્ધિ હાંસલ કરી.
10. ખેતી બેન્કે સમય સાથે તાલ મિલાવીને કોમ્પ્યુટરાઈઝેશન ધરાવતી બેન્ક તરીકે પ્રગતિ કરી છે.
11. બેન્કની વડીકચેરીના મકાનનું આધુનિકીકરણ કરેલું છે.

The Gujarat State Co-operative Agriculture & Rural Development Bank Ltd. Ahmedabad

ધી ગુજરાત સ્ટેટ કોઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેન્ક લિમિટેડ. અમદાવાદ